RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 156* Date: 04.04.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આઇઆઇટી કાનપુરના અગ્રવાલ સહિત અન્ય વૈજ્ઞાનિકોએ આપી ગંભીર ચેતવણી

# એપ્રિલ માસમાં કોરોનાની બીજી લહેર દેશભરમાં હાહાકાર મચાવશે





*ન્યુ દિલ્હી,તા.૩*

કોરોના વાયરસની બીજી લહેર ભારતમાં ઝડપથી વધી રહી છે. આને જોતા વૈજ્ઞાનિકોએ મેથેમેટિકલ મૉડલ સ્ટડીના આધારે કહ્યુ છે કે કોરોના મહામારીની બીજી લહેર મિડ એપ્રિલ સુધી પોતાના ચરમ પર એટલે પીક પર હશે. જો કે તેમણે એ પણ કહ્યુ છે કે મેના અંત સુધી કોવિડ-૧૯ સંક્રમણમાં ઘટાડો જોવા મળી શકે છે. ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થા(આઈઆઈટી) કાનપુરના મણીન્દ્ર અગ્રવાલ સહિત અન્ય વૈજ્ઞાનિકોએ રિસર્ચ બાદ કહ્યુ છે કે ચાલી રહેલ કોરોના મહામારીની લહેર મિડ એપ્રિલમાં રોજ ઝડપથી વધવાની છે.

મણીંદ્ર અગ્રવાલે કહ્યુ છે કે છેલ્લા ઘણા દિવસોના કોરોના કેસને જોતા અમે મેથેમેટિકલ મૉડલ પર સ્ટડી કર્યો છે જે બાદ અમે કહી શકીએ કે ભારતમાં કોવિડ-૧૯ના કેસ ૧૫થી ૨૦ એપ્રિલ વચ્ચે પોતાના ચરમ પર હશે. એવામાં જો આ મહિને કોરોના પીક પર આવશે તો આ આશા રાખી શકાય કે મેથી કોવિડ કેસ ઘટવા લાગશે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે આ દરમિયાન એક દિવસમાં ૯૦ હજારથી દોઢ લાખ નવા કેસ રોજના જોવા મળશે. જો કે બહુ હદ સુધી એ ટેસ્ટિંગ પર ડિપેન્ડ હશે કે એક દિવસમાં કેટલા ટેસ્ટ કરવામાં આવે છે. તેમણે કહ્યુ છે કે આવનારા બે સપ્તાહ ખૂબ જ મહત્વના છે.

હાલ દરરોજ નોંધાતા કોરોના કેસમાં તીવ્ર વધારાને ધ્યાને રાખીને એ અનુમાન લગાવવું અઘરું છે કે બીજી લહેર ચરમ પર પહોંચશે ત્યારે કેટલા કેસ નોંધાશે. હાલ દરરોજ લાખની આસપાસ કેસ આવી રહ્યા છે. જે વધી પણ શકે છે અને ઘટી પણ શકે છે. પરંતુ બીજી લહેર માટે જે પીક સમય નોંધવામાં આવ્યો છે તેમાં કોઈ

### એઇમ્સના ડાયરેક્ટર ગુલેરિયાનું સૌથી મોટું નિવેદનઃ કોરોના વાયરસને રોકવા માટે મિની લોકડાઉનની જરૂર

ફેરફાર ભાગ્યે જ આવી શકે છે.' વૈજ્ઞાનિકોનું માનવું છે કે હાલની લહેરમાં એવું રાજ્ય જ્યાં કોરોના તેના ચરમ પર પહોંચશે તે રાજ્ય પંજાબ છે અને તેના પછી મહારાષ્ટ્ર આવશે.

કોવિડ-૧૯ મહામારીની બીજી લહેરને ઝડપથી વધતી જોઈ એઈમ્સના ડાયરેક્ટ ડૉ. રણદીપ ગુલેરિયાએ કહ્યુ કે દેશમાં કોરોના વાયરસના ઝડપથી પ્રસારને રોકવા માટે મિની લૉકડાઉનની જરૂર છે. દેશમાં કોવિડ-૧૯ની સ્થિતિ ચિંતાજનક છે અને વાયરસના પ્રસાર માટે લોકો બેદરકારી રાખી રહ્યા છે.

ડૉ.ગુલેરિયાએ કહ્યુ કે વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે કારણકે લોકો આ માટે બેદરકારી રાખી રહ્યા છે, માસ્ક અને સોશિયલ ડિસ્ટંસીંગના નિયમોને લોકો ફોલો નથી કરી રહ્યા. દેશમાં હવે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યા છે. જો કે તેમની પ્રતિરક્ષા વયસ્કોની સરખામણીમાં વધુ મજબૂત છે. તેમણે કહ્યુ કે પૂર્ણ રસીકરણ માટે દેશમાં ૨૦૦ કરોડ ડોઝની જરૂર છે. તેમણે કહ્યુ કે કોરોના વેક્સીનની રસી લાગ્યા બાદ પણ લોકોએ ૬ ફૂટનુ અંતર જાળવવુ જોઈએ અને દરેક સમયે માસ્ક પહેરવુ જોઈએ. કન્ટેન્ટ ઝોન વધારવાની જરૂર છે.

## છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીઓ સાથે અથડામણમાં ૫ જવાન શહીદ

*બીજાપુર,તા.૩*

છત્તીસગઢના બીજાપુરમાં શનિવારે સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ ઘટનામાં ૫ જવાન શહીદ થયા છે. આ પૈકી ૪ સીઆરપીએફ અને એક ડીઆરજી જવાન છે. ૩ નક્સલવાદીને પણ ઠાર કરવામાં આવ્યા છે. તર્રેમ પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલોમાં અથડામણ ચાલુ છે. એસપી કમલ લોચન કશ્યપે આ ઘટનાની પૃષ્ટિ કરી છે.

આ ઘટના ઝીરમ હુમલાના માસ્ટરમાઈન્ડ હિડમા ગામમાં થઈ છે. હુમલો કરનારા નક્સલવાદીઓ આ ટીમના સભ્યો હતા. ઘણા સમયથી આ ગામમાં નક્સલવાદીઓનો જમાવડો થયેલો હતો. આ અંગે માહિતી મળતા જવાનો ત્યાં પહોંચ્યા હતા.

છત્તીસગઢમાં છેલ્લા ૧૦ દિવસમાં બીજી વખત નક્સલવાદીઓ તરફથી હુમલો થયો છે. આ અગાઉ ૨૩ માર્ચના રોજ હુમલામાં પણ ૫ જવાન શહીદ થયા હતા. આ હુમલો નક્સલવાદીઓના નારાયણપુરમાં આઈઈડી બ્લાસ્ટ કરી કરવામાં આવ્યો હતો.

તર્રેમ પોલીસ સ્ટેશનથી સીઆરપીએફ, ડીઆરજી, જિલ્લા પોલીસ દળ અને કોબરા બટાલિયનના જવાનો સંયુક્ત રીતે તપાસ કરવા નીકળ્યા હતા. આ સમયે સિલગેરના જંગલમાં નક્સલવાદીઓએ હુમલો કર્યો હતો. આ સંજોગોમાં જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. જવાનોને રેસ્ક્યુ કરવા માટે હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા છે.

બીજી બાજુ, ગંગાલૂર વિસ્તારના ચેરપાલ પાસે મોદીપારામાં સીઆરપીએફ ૮૫ બટાલિયનના જવાનોએ ૮ કિલો આઈઈડી વિસ્ફોટક જપ્ત કર્યાં છે. નક્સલવાદીઓએ તેને જવાનોને નિશાન બનાવવા માટે પ્લાન્ટ કર્યો હતો. આ માટે જવાનોને નિશાન બનાવવાની યોજના ઘડવામાં આવી હતી. બાદમાં અનેક વિસ્ફોટકોનો નાશ કરવામાં આવ્યો છે.

૧૦ દિવસ અગાઉ ૨૩ માર્ચના રોજ નક્સલવાદીઓએ નારાયણપુર જિલ્લામાં ડીઆરજી જવાનોથી ભરેલી બસમાં બ્લાસ્ટ કર્યો હતો. આ ઘટનામાં ૫ જવાન શહીદ થયા હતા, જ્યારે ૧૨ ઈજાગ્રસ્ત થયા હતા. બ્લાક સમયે બસમાં ૨૪ જવાન હતા.

### છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૮૭ હજાર નવા કેસ, ૭૧૪ના મોત

# વિશ્વમાં કોરોના પોઝિટિવ દૈનિક કેસોમાં ભારત પ્રથમ ક્રમે પહોંચ્યું

### બ્રાઝિલ-અમેરિકાને પાછળ છોડ્યું, એક માસમાં ભારતમાં કોરોનાના કેસ ૭ ગણા વધ્યા, કુલ કેસ ૧,૨૩,૯૨,૨૬૦, કુલ મૃત્યુઆંક ૧,૬૪,૧૬૨

*ન્યુ દિલ્હી,તા.૩*

દેશમાં કોરોના સંક્રમણથી પરિસ્થિતિ ભયજનક બની રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૮૯,૧૨૯ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. એની તુલનામાં ફક્ત ૪૪,૧૭૬ દર્દી સાજા થયા છે, જ્યારે આ મહામારીને કારણે ૭૧૪ લોકો મૃત્યુ પામ્યા છે. એક્ટિવ કેસ એટલે કે સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યામાં ૪૪,૧૨૩નો વધારો થયો છે. એક જ દિવસમાં સંક્રમિત થયેલા કુલ લોકોની સંખ્યા ગત વર્ષે સપ્ટેમ્બરમાં આવેલા પ્રથમ પીકથી ફક્ત ૯,૦૦૦ દૂર છે. આ પહેલાં ૧૬ સપ્ટેમ્બરે સૌથી વધુ ૯૭,૮૬૦ દર્દી કોરોના પોઝિટિવ મળ્યા હતા, ત્યાર બાદ આ આંકડો ઘટવા લાગ્યો હતો.

ભારતમાં કોરોના વાયરસનો કહેર શાંત થવાનુ નામ નથી લેતો. રોજેરોજ ચિંતા ઉપજાવે તેવા રેકોર્ડબ્રેક આંકડાઓ બહાર આવી રહ્યા છે. જે રીતે કોરોનાએ ફરીથી બિહામણી રીતે ધૂણવાનુ શરૂ કર્યુ છે તે જોતા હવે માઠા દિવસો આવી રહ્યાના એંધાણ મળી રહ્યા છે. પહેલીવાર દૈનિક કેસના મામલે ભારતે બ્રાઝીલ અને અમેરિકાને પાછળ રાખી દીધા છે અને વિશ્વમાં ભારત દૈનિક કેસના મામલે પ્રથમ ક્રમાંકે પહોંચી ગયુ છે જે ચિંતા ઉપજાવે તેવુ છે. એક માસમાં જ ૭ ગણા કેસ વધી ગયા છે. રોજેરોજ આંકડાઓ આવે છે અને મૃત્યુઆંક નોંધાઈ છે તે બિહામણી સ્થિતિનો ચિતાર આપે છે.

છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૮૯૧૨૯ કેસ નોંધાયા છે અને ૭૧૪ લોકોના મોત થયા છે જ્યારે બ્રાઝીલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭૩૬૫ અને અમેરિકામાં ૬૫૨૮૧ કેસ નોંધાયા છે. આ રીતે ભારતે દૈનિક કેસના મામલે આ બન્ને રાષ્ટ્રોને પછાડી દીધા છે અને દૈનિક કેસમાં પહેલા નંબરે પહોંચી ગયુ છે.

દેશમાં અત્યારસુધીમાં લગભગ ૧,૨૩,૯૨,૨૬૦ લોકો આ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. લગભગ ૧.૧૫ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે. તો ૧.૬૪ લાખ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દેશમાં એક્ટિવ કોરોના કેસની સંખ્યાં વધીને ૬,૫૮,૯૦૯ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં પ્રતિદિન કોરોના કેસની સંખ્યા ૫૦૦૦૦ ની આસપાસ પહોંચવા આવી છે. જેને લઈને આગામી બે દિવસમાં મહારાષ્ટ્રમાં આકરા પ્રતિબંધો આવી શકે છે. ત્યારે દેશમાં કોરોનાની બીજી લહેરમાં સૌથી ખરાબ રીતે પ્રભાવિત ૬ રાજ્યોની સ્થિતિ પર પણ નજર કરીએ.

પંજાબમાં શુક્રવારે અહીં ૨,૮૭૩ નવા દર્દી મળ્યા હતા. ૨,૦૦૨ સાજા થયા હતા, જ્યારે ૫૭ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૨.૪૫ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૨.૧૩ લાખ સાજા થયા છે, જ્યારે ૬,૯૮૩ લોકોનાં મોત



થયાં છે. હાલમાં ૨૫,૪૫૮ લોકો સારવાર લઈ રહ્યા છે.

દિલ્હીમાં શુક્રવારે અહીં ૩,૫૯૪ નવા કેસ આવ્યા હતા. ૨,૦૮૪ દર્દી સાજા થયા અને ૧૪ લોકોનાં મૃત્યુ થયાં હતાં. અત્યારસુધીમાં આ મહામારીથી ૬.૬૮ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે, ૬.૪૫ લાખ લોકો સાજા થયા અને ૧૧,૦૫૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલમાં ૧૧,૯૯૪ લોકોની સારવાર ચાલી રહી છે.

મધ્યપ્રદેશમાં શુક્રવારે, ૨,૭૭૭ નવા દર્દી મળી આવ્યા. ૧,૪૮૨ લોકો સાજા થયા, જ્યારે ૧૬ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૩ લાખ લોકો કોરોના સંક્રમણથી અસરગ્રસ્ત થયા છે, એમાંથી ૨.૭૭ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૪,૦૧૪ લોકોનાં મૃત્યુ થયાં છે હાલમાં ૧૯,૩૩૬ લોકો સારવાર લઈ રહ્યા છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૮૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૧૫૫૬૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૦૬૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૯૬૮૧૩**

## મહારાષ્ટ્રમાં કોરોના બુલેટ ગતિએઃ ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ કેસ નોંધાયા

*મુંબઇ,તા.૩*

દેશભરમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. જોકે મહારાષ્ટ્ર તો દેશમાં કોરોના વાયરસનું ગઢ બની રહ્યું છે. શુક્રવારે મહારાષ્ટ્રમાં કુલ ૪૭,૮૨૭ નવા કોરોના કેસ નોંધાયા છે, જ્યારે આ વાયરસને કારણે ૨૦૨ લોકોનાં મોત પણ થયા છે. આ સાથે રાજ્યમાં હવે કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની કુલ સંખ્યા ૨૯,૦૪,૦૭૬ પર પહોંચી ગઈ છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કોરોના કુલ ૩,૮૯,૮૩૨ કેસ છે. આ દરમિયાન, મહારાષ્ટ્રના અન્ય શહેરો પણ કોરોનાના ગઢ બની રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં, મુંબઈમાં કુલ ૮,૮૩૨ નવા કોવિડ કેસ નોંધાયા છે, તેમજ આ વાયરસથી ૫૩૫૨ લોકો સાજા થઇ ચુક્યા છે. તો, આ વાયરસને કારણે



૨૦ લોકોનાં મોત પણ થઈ ગયા છે. આ સાથે, જ શહેરમાં કોરોના સંક્રમણનો કુલ આંક ૪,૩૨,૧૯૨ પર પહોંચી ગયો છે. ત્યાં જ, મુંબઈમાં એક્ટિવ કેસોની સંખ્યા હવે ૫૮,૪૫૫ પર પહોંચી ગઈ છે.

આ ઉપરાંત રાજ્યના અન્ય એક નાગપુર શહેરમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૧૦૮ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૩,૨૧૪ લોકો વાયરસથી સાજા થયા છે. તો, વાયરસને કારણે ૬૦ લોકોના મોત પણ થયા છે. આ સાથે, શહેરમાં કોરોના દર્દીઓનો આંકડો ૨,૩૩,૭૭૬ પર પહોંચી ગયો છે. આ ઉપરાંત, નાગપુરમાં કોરોનાના કુલ ૪૦,૮૦૭ એક્ટિવ કેસ છે. તેમજ, વાયરસથી મૃત્યુઆંક પણ ૫,૨૮૧ પર પહોંચી ગયો છે.

### કેનેડાના ઓન્ટારિયોમાં લાગ્યું એક મહિનાનું લોકડાઉન

## દુનિયાના અનેક દેશોમાં કોરોના કંટ્રોલ બહાર, આકરા પ્રતિબંધો અને લોકડાઉન

ઓન્ટારિયો,તા.૩

દુનિયાના અનેક દેશોમાં કોરોના મહામારી કંટ્રોલ બહાર જવાના કારણે કેસોની સંખ્યામાં જોરદાર ઉછાળો આવ્યો છે. કેનેડાના ઓન્ટારિયોમાં ખુબ જ ઝડપી ફેલાઇ રહેલાં કોરોના વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં લેવા માટે એક મહિના માટે લોકડાઉન લગાવી દેવામાં આવ્યું છે.

બીજી તરફ બ્રાઝિલમાં કોરોનાના એક જ દિવસમાં ૯૪,૦૦૦ કેસો નોંધાયા છે અને ૩૭૬૯ લોકોના મોત થયા છે. પાકિસ્તાન, ફ્રાન્સ અને તુર્કીમાં મોટા પ્રમાણમાં કોરોનાના કેસો સામે આવી રહ્યાં છે.

કેનેડાના ઓન્ટારિયોમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધવાને કારણે લોકડાઉન જાહેર કરીને હોટલ-રેસ્ટોરાંને બંધ કરી દેવામાં આવ્યા છે. માત્ર જરૂરી ચીજવસ્તુઓની દુકાનો પર ૫૦ ટકા લોકોને ખરીદી કરવાની છૂટ આપવામાં આવી છે. કેનેડાના ઓન્ટારિયોમાં રોજના સરેરાશ ચાર હજાર નોંધાવા માંડયા છે.

બીજી તરફ યુકેએ જયાં પ્રવાસ કરવાની બંધી છે તેવા દેશોના રેડ લિસ્ટમાં ફિલિપાઇન્સ, કેન્યા, પાકિસ્તાન અને બંગલાદેશનો ઉમેરો કર્યો છે. આ દેશોમાં જવા-આવવા પરનો પ્રતિબંધ નવ એપ્રિલથી અમલમાં આવશે.૪૦ દેશોના રેડ લિસ્ટમાંથી આવતાં પ્રવાસીઓને ઇંગ્લેન્ડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. માત્ર બ્રિટિશ અને આઇરિશ નાગરિકોને જ દેશમાં પ્રવેશવા દેવામાં આવશે અને તેમણે સરકારી માન્યતા પ્રાપ્ત ક્વોરન્ટાઇન સુવિધામાં ૧૦ દિવસ ગાળવા પડશે.બીજી તરફ બ્રાઝિલમાં એક જ દિવસમાં કોરોનાના ૯૧,૦૦૦ કરતાં વધારે કેસો નોંધાયા છે અને ૩૭૬૯ જણાના મોત થયા છે. માત્ર માર્ચ મહિનામાં જ કોરોનાએ બ્રાઝિલમાં ૬૬,૦૦૦ કરતાં વધારે લોકોનો ભોગ લીધો છે. ફ્રાન્સમાં પણ એક જ દિવસમાં ૫૦,૦૦૦ કરતાં વધારે કેસ નોંધાયા હતા અને ૩૦૮ જણાના મોત થયા હતા. તો તુર્કીમાં પણ એક જ દિવસમાં ૪૦,૦૦૦ કરતાં વધારે કોરોનાના કેસ નોંધાયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# દેશમાં કોરોના મહામારી નું વાવાઝોડું છતાં લોકડાઉન કેમ જાહેર ન કર્યું....?

ગત વર્ષ ૨૦૨૦ માં વિશ્વભરને કોરોનાએ ભરડામાં લઈ લીધું ત્યારે કોરોના મારક રસી શોધાઇ ન હતી જે કારણે જે તે દેશોમા ડોક્ટરોએ પોત પોતાની રીતે કોરોના સંક્રમિતોના ઉપચાર કર્યા હતા. જ્યારે કે ભારતમાં આયુષ્ય મંત્રાલય દ્વારા કોરોના જંતુનો માનવ શરીર સામનો કરી શકે તેવા ઉકાળા આમ પ્રજામાં વિતરણ કર્યા હતા. તેમજ આયુષ્ય રથ દ્વારા દેશભરમાં ઉકાળાનું વિતરણ કર્યું હતું જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ ખાતે ઉભી કરવામાં આવેલ સમરસ હોસ્પિટલમાં આયુષ્ય મંત્રાલયની કોરાના મારક ઉકાળા અને આયુર્વેદિક દવાની સારવારને મોટી સફળતા મળી હતી. તેમાં ૧૮૯ કોરોના સંક્રમિતો પૈકી ૧૮૧ દર્દીઓ એકજ અઠવાડિયામાં સાજા થઇ ગયા હતા અને બાકીના આઠ દર્દીઓને ૧૫ દિવસ આયુર્વેદ સારવાર કરવામાં આવી હતી. એકંદરે આયુર્વેદ ઉપચાર કોરોના સામે રક્ષણ આપવામાં સફળ રહ્યો હતો. તેવી એ સમયમાં ચર્ચા રહી હતી. બીજી તરફ મેડિકલ ક્ષેત્રે કોરોના મારક રસી શોધવા નું સંશોધન વિશ્વના અનેક દેશોમાં વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ કોરોના સામે સો ટકા સફળતા મળે તેવી રસી આજદિન સુધી શોધી શકાઈ નથી.આખરે ઓગષ્ટ ૨૦૨૦ માં કોરોના જંતુઓ સામે માનવ શરીર લડત આપી શકે તેવી રસી શોધવામાં કેટલાક દેશોને સો ટકા સફળતા મળી ન હતી પરંતુ સૌથી વધુ સુરક્ષિત કોરોના રસી ભારતના વૈજ્ઞાનિકોએ શોધી કાઢી તે સાથે રસીને મળેલી સફળતાને કારણે ભારત વિશ્વભરમાં છવાઈ ગયું ભારત સરકારે દેશના નાગરિકોને પ્રાધાન્ય આપી રસીકરણ શરૂ કર્યું તેમજ પડોશી દેશોને પણ રસી ડોઝ મોકલાવીને મોટી સહાય કરી અને "વસુધૈવ કુટુંબકમ્" ની ભાવના બતાવી અને આ કારણે વિશ્વના અનેક દેશોએ ભારત પાસેથી રસી મેળવવા લાઈનો લગાવી દીધી. તો ભારત સરકારે દેશમાં રસીકરણ પણ વધારી દીધું હતું. લોકોમા રસી લેવા બાબતે શરૂઆતમાં અનેક શંકા-કુશંકાઓ હતી જેથી મોટા ભાગે લોકો રસી લેવાથી દૂર રહેતા હતા. આખરે દેશના નામી લોકોએ, મહાનુભાવોએ રસી લેવાનું શરૂ કરતાં નાગરિકોમાં રસી માટે વિશ્વાસ જાગ્યો અને અત્યારે રસી લેવા દેશભરમાં જે તે રસી સેન્ટરો પર લાઈનો લાગી રહી છે. આ બધી બાબતો વચ્ચે શરૂઆતના તબક્કે આયુર્વેદ સારવાર સફળ થઇ હતી તે ભૂલી જવામા આવી છે કે પછી કોરાણે મુકી દેવામાં આવી છે. જેના કારણે દેશના આયુર્વેદ દવા ઉપર વિશ્વાસ રાખતા આયુર્વેદિક દવાની જે તે રોગો માટે સારવાર લેતા કે ઉપયોગ કરનારાઓને મોટો આચકો લાગ્યો છે....!!

૨૦૨૦ માં વિશ્વ પર જ્યારે કોરોના ત્રાટક્યો હતો ત્યારે મોટાભાગના દેશોએ લોકડાઉનનો સહારો લીધો હતો અને તેના કારણે મોટા પ્રમાણમાં કોરોનાની સાંકળ તુટી હતી તેમ જ કોરોના કેસો પણ ઘટવા લાગ્યા હતા. એકમાત્ર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના સામે લોકડાઉનને મહત્વ ન આપતા અર્થતંત્રને મહત્વ આપ્યું હતું જે કારણે વિશ્વભરમાં સૌથી વધુ કોરોના સંક્રમિતો અમેરિકામાં હતા તેમ જ મૃતાકમા પણ વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું હતું. અત્યારે બીજી લહેર કે ત્રીજી લહેર વિશ્વભરમાં અનેક દેશોમાં ફરી વળી છે પરંતુ કોરોનાનું રૂપ પણ બદલાયું છે. જોકે ભારતમાં કોરોનાનો બીજો દોર શરૂ થયો છે... અને દેશના ૯ જેટલા રાજ્યોમાં સૌથી વધુ કોરોના કેસો નોંધાયા છે.... તેમજ રોજ-બરોજ કોરોના સંક્રમિતોનો આંક વધતો જઈ રહ્યો છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૧ હજારથી વધુ કેસો સામે આવ્યા છે પરંતુ ભારત સરકારે લોકડાઉનને પ્રાધાન્ય નહી આપતા અર્થતંત્રને મહત્વ આપવા સાથે કોરોના સાંકળ તોડવા માટે લોકડાઉન લાદવા જેવા પગલા લીધા નથી. કારણ લોકડાઉનને કારણે દેશના અર્થતંત્રની જે ખાનાખરાબી થઇ હતી તેમજ આમ પ્રજાને જે પરેશાની ભોગવવી પડી હતી તેનો કડવો અનુભવ છે.....! જોકે રાજકીય પંડિતોનું કહેવું છે કે દેશનાં પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે જેને સત્તા મોહાન્ધો મહત્વ આપી રહ્યા છે..... જ્યારે કે "દેશમાંની હાલત "લોગ પીંજરે મે બંધ મુર્ગો કી તરહ હો ગઈ હૈ, જીસકા નંબર આતા હૈ વોહી ચિલ્લાતા હૈ....બાકી સબ દાના ચુગતે હૈ"યે કડવા લેકીન સચ હૈ"... માનવતા નો અર્થ ભુલાઈ ગયો છે....! પછી ફરિયાદ કરવી તો કોને કરવી......??!

# ભારતમાં જે કંઈ થઈ રહ્યુ છે તેના પર અમેરિકા ચૂપ કેમ છે?: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૩

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ હાવર્ડ કેનેડી સ્કૂલના એમ્બેસેડર નિકોલસ બર્ન્સ સાથેની વાતચીતમાં ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા હતાં. સાથે જ રાહુલ ગાંધીએ અમેરિકા પર પણ સવાલ ખડા કર્યા હતાં. તેમણે બર્ન્સ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ભાજપે દેશની મહત્વની બંધારણીય સંસ્થાઓને પોતાના કજબામાં લઈ લઈ રાખી છે.

રાહુલ ગાંધીએ વિરોધી પાર્ટીઓના ચૂંટણી હારને લઈને કહ્યું હતું કે, ભાજપ આર્થિક રીતે મજબૂત થઈ છે અને મીડિયા પર તેમનું પ્રભુત્વ વધ્યુ છે જેના કારણે વિરોધી પાર્ટીઓ ચૂંટણી જીતી શકતી નથી. કોંગ્રેસ જ નહીં બીએસપી, એસપી, અનસીપી, જેવી પાર્ટીઓ પણ ચૂંટણી નથી જીતી શકતી.રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ચૂંટણી લડવા માટે સંસ્થાગત માળખાની જરુર પડે છે. આ સંસ્થાઓ એક નિષ્પક્ષ લોકતંત્ર માટે જરુરી છે. પરંતુ ભારતમાં આ તમામ પર ભાજપ સંપૂર્ણ રીતે હાવી થઈ ગયું છે. જેના કારણે વિરોધ પક્ષ ચૂંટણીઓ જીત શકતી નથી.

કોંગ્રેસના નેતાએ વધુમાં કહ્યું હતું કે, ચૂંટણી લડવા માટે અમારે માળખાગત સંસ્થાની જરુર હોય છે. અમને ન્યાય વ્યવસ્થાની જરુર હોય જે અમારી રક્ષા કરે. મીડિયાની જરુર હોય જે સ્વતંત્ર હોય. આર્થિત સમાનતાની જરુર હોય. અમારી પાસે આ બધું નથી. જેનાથી અમે રાજનીતિક પાર્ટી સંચાલિત કરી શકીએ.રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ તમામ બાબતો વચ્ચે અમેરિકાની સરકાર તરફથી કોઈ જ ટિપ્પણી નથી આવી. જો ભારત અને અમેરિકાની વચ્ચે લોકતાંત્રિક ભાગીદારી છે તો પછી અમેરિકા ભારતમાં બની રહેલી ઘટનાઓ પર કેમ કંઈ નથી બોલતુ? મારો મતલબ છે કે ભારતમાં જે કંઈ પણ થઈ રહ્યુ છે તેના પર તમે(બર્ન્સ)નો શું મત છે? હું મૂળ રુપે માનુ છું કે અમેરિકા ઉંડાણપુર્વ વિચાર કરે. અમેરિકન સંવિધાનમાં સ્વતંત્રતાનો વિચાર જે રીતે નિહિત છે તે ખુબ જ શક્તિશાળી વિચાર છે પરંતુ તમારે આ વિચારની રક્ષા કરવી પડશે. આ મુખ્ય સમસ્યા છે.

# જિંદગી ના ચઢાવ ઉતાર.......


જીજ્ઞાશા જોશી (શુક)

મુસાફરી દરમ્યાન વાતોની સાથે સાથે ચા-નાસ્તાની પણ આપ -લે થવા લાગી. બંનેની વાતો પરથી આજુબાજુમાં બેઠેલા મુસાફરો પણ જાણી ચૂક્યા હતા કે આ બંને વચ્ચે સારાં સંબંધો બંધાયા છે. વાત કરતાં કરતાં પૂછ્યું બા તમારા પરિવારમાં કેટલા સભ્યો છે તે તો તમે મને કહ્યું જ નહીં. મારા દાદા શું કરે છે, તમે ક્યાં જાવ છો? બાએ હસતાં હસતાં જવાબ આપ્યો મુંબઈની જ વતની છું. હું અને તારા દાદા સરકારી કર્મચારી હતાં. હવે નિવૃત થયાં છીએ. આમ તો ભર્યો પરિવાર છે, પણ હાલમાં અમે બંને એકલાં જ છીએ. મેં કહ્યું છોકરા વહુ? તે બોલ્યાં તે બધા પોતપોતાની રીતે સ્વતંત્ર રહે છે. ત્યાં જ દાદા નો ફોન આવ્યો. દાદા શું બોલે તે તો સંભળાતું ન હતું પરંતુ અહીંથી બા હસતાં હસતાં બોલતાં હતાં કે'' હવે હું કંઈ નાની નથી, મારી રીતે હું ઘરે પહોંચી જઈશ લેવા આવવાની જરૂર નથી અને ખોટી ચિંતા કરી ડાયાબિટીસ અને બીપી વધારો નહીં.'' બીજી આડીઅવળી વાતો કરી બાએ ફોન મુક્યો એટલે રાધાએ કીધું ''મારા દાદા તમને બહુ પ્રેમ કરતાં લાગે છે. બા થોડાં શરમાયા અને હસવા લાગ્યા. બેટા સાચું કહું તો જીવન જીવવાનો, પ્રેમ કરવાનો અને એકબીજાને સાચી રીતે ઓળખવાનો સમય અમારો હવે ચાલુ થયો છે.

બા ભુતકાળમાં ખોવાઈ ગયા હોય તેમ કહેવા લાગ્યા કે અમારી આખી જિંદગી કુટુંબ અને પરિવારને સાચવવામાં, બાળકોને ઉછેરવામાં, ભણાવવામાં અને પરણાવવામાં જ વિતાવી છે. એકબીજાને સમજવાનો, પ્રેમ કરવાનો એકબીજા માટે કંઈ કરવાનો અમને સમય મળ્યો જ નથી. પરિવાર અને નોકરીને સાચવવામાં અડધી જિંદગી વીતી ગઈ. હવે અમને લાગે છે કે અમારી સાચી જિંદગી જીવવાનો વખત હવે ચાલુ થયો છે. બા એ વિતાવેલી સફરની આવી કેટકેટલીય વાતો કરી. રાધા ઘણીવાર ખુશ થતી તો ઘણીવાર દુ:ખી . જિંદગી છે એટલે ઉતાર-ચઢાવ તો આવવાના જ. આમ બધી વાતો સાંભળતાં સાંભળતાં મારા થી પુછાઈ ગયું કે તમે બધા ભણેલાં ગણેલાં છો, તમારી વાત પરથી ખબર પડે છે કે એક સારાં સંસ્કારી કુટુંબમાં તમારી ગણના થાય છે તો પછી તમારા સંતાનો તમારાથી કેમ દૂર રહે છે, ત્યારે બા અંદરથી દુ:ખી પરંતુ મોંઢા પર ખોટું હાસ્ય દેખાડીને બોલ્યાં કે અત્યારનાં સમયમાં સૌ પોતાનાં પરિવાર સાથે સ્વતંત્ર જીવે તેમાં જ મજા છે અને એમાં અમારે પણ મજા જ છે. અમે બંને હસ્યા પરંતુ હાસ્ય પાછળ નું રુદન હું જાણી શકતી હતી એટલે બા ને હળવા કરવાં રાધાઓ તેની દુખતી નસ દબાવી કે સાજા માંદા થાવ ત્યારે તો આવતાં હશે ને? પૈસાની પણ મદદ કરતાં હશે ને? હા હા કેમ નહિ બા વધારે કંઈ બોલ્યા નહીં.

થોડીવાર અમે બંને ચૂપચાપ બારીમાંથી દેખાતાં દ્રશ્યોમાં મન પરોવવાં લાગ્યા, પરંતુ બંનેનું મગજ બીજી દિશામાં દોડતું હતું. થોડી વાર થઈ એટલે ફોનની રીંગ વાગી. હા બેટા બોલ મજામાં. ત્યાં તો સામેથી ઉશ્કેરાયેલા અવાજે તેનો દીકરો બોલવા લાગ્યો કે શું કર્યું તને જે કામ કરવાનું કીધું હતું એ કેમ ન કર્યું. નાનકો મારું લોહી પી જાય છે, તું પણ સમજતી નથી. મારે ઘરમાં પણ શું જવાબ આપવો. આવું આવું ઘણું બોલ્યો. બાએ કીધું હું ટ્રેનમાં છું, ઘરે જઈને વાત કરું. ફોન મૂકી બાએ નિસાસો નાંખ્યો. રાધાએ બાને પૂછ્યું બા વાંધો ન હોય તો મન હળવું કરવાં મને કહી શકો છો. બા ડુસકું ભરતાં ભરતાં બોલ્યા બેટા પંખીને પાંખ આવે અને ઉડી જાય એનો વાંધો નથી પરંતુ એ પંખી પાછું ફરીને જ્યારે આપણને ચાંચ મારે ત્યારે બહુ દુ:ખ થાય છે. અમે અમારા બાળકોને સારી સ્કૂલમાં ભણાવી ગણાવી સારી નોકરી અપાવી છે, ખૂબ ખર્ચો કરીને પરણાવ્યા છે. બંનેને મકાન, ઘર વપરાશની ચીજો, ફર્નિચર અને ગાડી સહિત બધું વસાવી દીધું છે. ગણીએ તો અમારી બધી મિલકત વાપરી નાંખી છે. ગામડે થોડી જમીન છે અને અમારી થોડી મરણમૂડી સાચવીને રાખ્યાં છે. અમારા બંનેના પેન્શનમાંથી પણ બચત કરી પૌત્ર-પૌત્રી માટે ફિક્સ ડિપોઝીટ કરીએ છીએ કે જેથી છોકરાઓને ભવિષ્યમાં કામ લાગે. આટલું કરતાં પણ છોકરા હજુ ધરાતાં જ નથી. છોકરા વહુ ની નજર અમારી મરણ મૂડી પર છે. તેઓનું કહેવું છે કે આ ઉંમરે તમારાથી કામ થાય નહીં અને અમે અમારી જંજાળમાં ગૂંથાયેલા છીએ એટલે તમને સાચવી શકીએ તેમ નથી. કોઈ સારાં વૃદ્ધાશ્રમમાં તમારી રહેવાની સગવડ કરી આપીએ જેથી તમે શાંતિથી રહી શકો મને અમે પણ શાંતિથી રહી શકીએ. તમે જીવો છો ત્યાં જ મિલકતનાં ભાગ પાડી આપો જેથી ભવિષ્યમાં અમારે લડાઈ ઝઘડા ન થાય. બાળકો ને રમાડતાં હોય તેમ અમને રમાડવાની કોશિષ કરે છે. બારીમાંથી નજર કરતાં જે દ્રશ્યો આહલાદક લાગતાં હતાં તે પોતાની સુંદરતા ગુમાવી બેઠાં હોય તેવા દુ:ખી લાગતાં હતાં. ચારે બાજુ જાણે દુ:ખ દુ:ખ જ હોય તેવું વાતાવરણ અને બંનેનાં મન ભારે થઈ ગયાં.

બા બોલ્યાં જ્યારે બાળકો નાનાં હતાં ત્યારે આ મારી મમ્મી અને આ મારા પપ્પા માટે લડાઈ ઝઘડો કરતાં. આ ઝઘડો અમને એટલો મીઠો લાગતો અને સુખ આપતો કે જાણે આખી દુનિયામાં અમે જ સુખી છીએ, ખુશકિસ્મત છીએ. અમારા સંતાનો જેવાં બીજા કોઈનાં સંતાનો ન હોય. એ ઝઘડો અત્યારે પણ ચાલુ જ છે પરંતુ તેનું સ્વરુપ બદલાયું છે. હવે મારા મમ્મી અને તારા પપ્પા એ માટે ઝઘડો થાય છે. અમે કોઈને અડચણરૂપ બનતાં નથી, તેના જીવનમાં દખલગીરી કરતાં નથી છતાં તેને નડતરરૂપ લાગીએ છીએ, બોજારૂપ લગીએ છીએ. આવી બીજી ઘણી વાત કરતાં કરતાં બા થાકીને સુઈ ગયાં. બાને તો ઊંઘ આવી ગઈ પણ મારી ઊંઘ ઊડી ગઈ.

જ્યારે ટ્રેનમાં બેઠી ત્યારે બાએ પહેરેલાં દાગીના અને ભારેખમ પાકીટ ઉપરથી રાધાનાં મનમાં શાંતિ થઈ કે ભગવાને નક્કી મારાં માટે જ અહીં આ માજીને બેસાડ્યા હશે. હું સારાં ઘરની સંસ્કારી સ્ત્રી છું પરંતુ મારો એકનો એક લાડકવાયો દીકરો મરણ પથારીએ છે અને તેના ઓપરેશન માટે દોઢ-બે લાખ રૂપિયાની જરૂર છે. ઘરની પરિસ્થિતિ સાધારણ છે. ૧૦,૦૦૦ની પણ સગવડ ન થાય ત્યાં દોઢ-બે લાખ ક્યાંથી કાઢવા. બીજે ક્યાંયથી કોઈ મદદ મળે તેમ નથી એટલે દિકરાનો જીવ બચાવવા માટે મનમાં ખોટી દાનત આવી કે આ ડોશી ને લૂંટવાથી મારા દીકરા નું ઓપરેશન થઈ જશે. દીકરા ખાતર હું કોઈપણ સંજોગોમાં પૈસાની વ્યવસ્થા કરીશ જ. જ્યાં હું નોકરી માટે જવાની છું ક્યાં લાંબો વખત મારે રહેવું પડશે અને આ સમયે દીકરાથી દૂર રહેવાની મારી હિંમત પણ નથી એટલે આવું અત્યારે કરવા તૈયાર છું પછી હું ભગવાન પાસે માફી માંગી લઈશ. મારો બીજો કોઈ ખોટો ઈરાદો નથી તેથી ભગવાન પણ મને માફ કરશે. આવા વિચારો કરતી હતી પરંતુ ભગવાનને આ ખોટે રસ્તે જવા નહીં દેવી હોય એટલે જ આ ડોશીને બા બનાવવા અલગ લાગણી અને પ્રેમ આપ્યાં. વાતો વાતોમાં ક્યારે બા બની ગયા તેની ખબર જ ન પડી. બાએ જીવનનાં કેવાં ચડાવઉતાર સહન કર્યા છે અને વાંકીચુંકી કેડી પર સફર કરી છે એ જાણીને રાધાને મનમાં તેના પર ખૂબ દયા આવી. એક બાજુ બા અને બીજી બાજુ દીકરો. જિંદગીએ મને એવા વળાંક ઉપર લાવીને મૂકી દીધી કે ક્યાં જવું અને ક્યાં ન જવું. કયો રસ્તો પકડવો એ હું નક્કી કરી શકતી નથી. વિચારોમાં ખોવાયેલી રાધાને થયું કે આ પૈસાથી કદાચ મારો દીકરો તો પાછો આવશે પરંતુ હું મનોમન મરી જઈશ. ભગવાન પાસે શું મોઢું લઈને જઈશ? આવું કામ કરું તો ભગવાન મને નર્કમાં પણ સ્થાન ન આપે. આવા દુ:ખ અને યાતનાઓ વેઠીને જે બાએ જીવન પસાર કર્યું છે તેને લૂંટી ને આ ભવ તો નહીં પરંતુ ભવોભવ ગુનેગાર બનું. જે માણસ દુ:ખી હોય તેને વધારે દુ:ખી કરવામાં આપણી માણસાઈ નથી. મારા દીકરાના નસીબમાં લાંબુ આયુષ્ય હશે તો નક્કી સાજો થશે હવે તો ડોક્ટરે પણ સારા સમાચાર આપી દીધા છે કે હવે કંઈ ચિંતા જેવું નથી. હવે તો દીકરાની જવાબદારી ભગવાનને સોંપીને અહીં આવીછું એટલે બાને લૂંટવાનું કામ મારાથી તો નહીં જ થાય. આવું વિચારતાં વિચારતાં રાધાને પણ ઊંઘ આવી ગઈ.

સમય કેટલો પસાર થયો તેની તો ખબર જ ન હતી પરંતુ ટ્રેનની સીટી વાગતાં એકદમ ગભરાઈ ને જાગી ગઈ કે સ્ટેશન આવી ગયું લાગે છે. બાજુમાં નજર કરી તો બા દેખાયા નહીં. વિચાર્યું કે બાથરૂમ ગયા હશે પરંતુ નજર કરતાં તેનો સામાન પણ દેખાયો નહીં. મનમાં વિચાર્યું કે આમ કેમ? મને જતી વખતે આવજો પણ ન કીધું, મને જગાડી પણ નહીં! આવા મનમાં કેટલાંય વિચારો દોડવા લાગ્યા કે કદાચ તેને ખબર પડી ગઈ હશે.એટલામાં બાજુમાં બેઠેલા મુસાફરે હાથમાં ચીઠ્ઠી આપતાં કહ્યું કે પેલા ડોશીમા એ તમને આપવા કહ્યું હતું.ચીઠ્ઠી ખોલી એક લાઇન વાંચતા જ મારી આંખોમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં.ટ્રેનમાં બેઠેલાં મુસાફરો ન જુએ તેમ આંસુ લુછતાં લુછતાં હું ચીઠ્ઠી વાંચવા લાગી. બેટા તું મને ઓળખતી નહોતી અને હું પણ તને ઓળખતી ન હતી.કદાચ ભગવાને જ આપણી ઓળખાણ કરાવી હશે. આમાં નિયતિનો કોઈ સંદેશ હશે કે આપણે મળ્યાં અને એક બા દીકરીનો સંબંધ બંધાણો. મેં મારા દિલની બધી વાત કરી મારાં મનને હળવું કર્યું પરંતુ તારાં દર્દને જાણવાનો સમય ન મળ્યો, પરંતુ જ્યારે તું પાણીની બોટલ લેવાં ગઈ ત્યારે તારાં ખોળામાંથી એક ચિઠ્ઠી પડી જે મારાં હાથમાં આવી. વંચાય તો નહીં પરંતુ માનવ સ્વભાવે મેં ચિઠ્ઠી ખોલીને જોયું તો તારાં દીકરાની દવાની ચિઠ્ઠી હતી અને ૧,૫૦,૦૦૦ ઓપરેશનના થશે તે માટેની વિગતો હતી એટલે હું જાણી ગઈ કે તું મારાં કરતાં પણ વધારે દુ:ખી છે.મારાં તો જીવતાં દીકરા મરેલાં જેવાં છે અને તારો દીકરો મરણ પથારીએ છે. તને દુ:ખી ન કરવા મેં આ વાત તને પૂછી નહીં પરંતુ દવાનાં કાગળનો મેં ઝડપથી ફોટો પાડી લીધો હતો અને તારી સાથે વાત કરતાં કરતાં જ તને ખબર ન પડે તેમ દવાખાના નું આખું બીલ મેં ભરી દીધું છે અને બીજી દવા માટે પણ વધારાના પૈસા હોસ્પિટલમાં જમા કરાવી દીધાં છે એટલે હવે તું અહીંથી જ પાછી ફર અને નિરાંતે ઘરે જા. તારાં દીકરાની યોગ્ય સારવાર થાય જલ્દી સાજો થઈ જાય તેવી ભગવાન પાસે પ્રાર્થના કરું છું. ચિઠ્ઠીમાં મારો ફોન નંબર લખેલો છે હજુ પણ કંઈ જરૂર હોય તો વિના સંકોચે ફોન કરજે. ચિઠ્ઠી વાંચતાં વાંચતાં રાધાની આંખમાંથી દડદડ આંસુ પડતાં જોઇ આજુબાજુવાળા મુસાફરો પણ દુ:ખી થતાં હોય ટ્રેન નો આખો ડબ્બો જાણે શાંત અને વિચારશીલ બન્યો હોય તેવું લાગતું હતું. રાધા પર દયાની લાગણીથી જોતાં હતાં. તેનાં પર મોટી મુશ્કેલી આવી હોય તેવું જાણી ગયાં હતાં. બધા લાગણીસભર પૂછવા લાગ્યાં ત્યારે ટૂંકમાં બધી વાત જણાવી. વાત સાંભળતાં એ લોકોમાં પણ ભગવાન ઉપર શ્રદ્ધા બેઠી કે હાલના સમયમાં પણ આવા માણસો મળે છે જે દુ:ખના સમયમાં મદદરૂપ થઈ શકે. ટ્રેનમાં બેસેલાં મુસાફરોએ પણ આ માનવતા જોઈને રાધાને પૈસાની થોડી મદદ કરી. જ્યારે રાધાએ બધાને ના પાડી તો બધાનું એક જ વાક્ય નીકળ્યું કે અમને પણ થોડું પુણ્ય કમાવા દો. અમને પણ થોડાં આશીર્વાદ મળશે અને થોડો ઉદ્ધાર થશે. એટલબોરીવલી સુરત સ્ટેશન આવતાં હું ઊતરી ગઈ અને ત્યાંથી જ રિટર્ન ટિકિટ કરાવી પાછી અમદાવાદ પહોંચી.

અમદાવાદ પહોંચતાં સીધી જ હું હોસ્પિટલ પહોંચી તો ડોક્ટરોએ ખુશ થતાં થતાં કહ્યું કે'' તમારા દીકરાનું ઓપરેશન થઇ ગયું છે, તેની તબિયત સુધારા ઉપર છે એટલે ચિંતા કરવાની જરૂર નથી. બે દિવસ પછી તમે રજા લઈને જઈ શકશો.'' હું ખૂબ ખુશ થઈ ગઈ અને પહેલા મેં ભગવાનનો નહીં પરંતુ બાનો આભાર માન્યો. મેં તરત જ બાને ફોન કર્યો અને મન મૂકીને રડીને તેનો આભાર માન્યો. બાએ પણ મને શાંત પાડતાં કહ્યું કે ''મરતાં પહેલા થોડું પુણ્ય કમાવવાની ઈચ્છા જાગી ને તારી મદદ કરી એમાં મેં કઈ મહાન કામ કર્યું નથી. ભગવાન તારાં દીકરાની લાંબુ આયુષ્ય આપે એવાં આશીર્વાદ આપી પોતાનું સરનામું લખાવ્યું અને કહ્યું કે મદદની જરૂર પડે ત્યારે હું ઊભી છું.'' થોડાં દિવસોમાં મારા દીકરા ની તબિયત એકદમ સારી થઈ ગઈ એટલે અમે બંને જણા મારા દીકરાને લઈને બાના ઘરે ગયા અને તેના પગમાં પડીને આશીર્વાદ લીધાં પરંતુ સાથોસાથ રડતાં રડતાં અમે બંને જણાએ તેનો ખુબ ઉપકાર માન્યો અને ભગવાન પાસે પ્રાર્થના કરી કે અમારું દુ:ખ હરનારા આ બાને જીવનમાં ક્યારેય દુ:ખી ન કરતો. તેનાં નસીબમા દુ:ખ પણ અમારે નામ લખજે. આજના જમાનામાં દુ:ખનાં સમયે સગો ભાઈ મદદ નથી કરતો ત્યારે આવી પારકી વ્યક્તિ આપણી મદદ કરે ત્યારે સમજવું કે આ દુનિયામાં ભગવાન હાજર છે. ઈશ્વરનાં બંને હાથ આપણી ઉપર છે. બાએ અમને સાંત્વના આપતાં ઊભાં કર્યા અને કહ્યું કે મારી પાસે હતું અને મેં આપ્યું એમાં કઈ ઉપકાર કર્યો નથી. આ પુણ્ય કમાવવા માટે ભગવાને જ મને રસ્તો બતાવ્યો હશે એવું માની ખુશ રહો. ભગવાન તમને સદાય હસતાં રાખે એવાં આશીર્વાદ. આ સાંભળતા જ રાધા બોલી કે એકલાં આશીર્વાદથી કામ નહીં ચાલે તમારે અમારી એક વાત પણ માનવી પડશે. બા થોડાં વિચારમાં પડ્યા કે શું વાત માનવાની હશે. કદાચ પૈસા લઈને આવ્યાં હશે જે મેં તેને આપ્યાં હતાં પરંતુ આ પૈસા હું લઈશ નહિં. દાનમાં આપેલી વસ્તુ ક્યારેય પાછી લેવાય. વિચારોમાં ડૂબેલાં બાને રાધાએ શાંત કરતાં આગળ વાત કરી કે આજથી હવે અમે જ તમારા દીકરા દીકરી છીએ અને તમારે અમારી સાથે જ રહેવાનું છે. હવે તમારે એકલું રહેવાનું નથી. બા બોલ્યાં કે તમારી લાગણી સાચી છે પરંતુ આ મોંઘવારીનાં સમયમાં કોઈની માથે પડવાં કરતાં એકલાં રહી શાંતિથી જીવન પસાર કરીએ છીએ તે બરાબર છે. સમય મળતાં તમને મળવા અમે આવતાં રહીશું પરંતુ રાધા અને દિનેશ એકના બે ન થયાં. તેને જીદ પકડી જ રાખી કે તમારે અમારી સાથે જ રહેવાનું છે અને અમારી જોડે અત્યારે જ આવવાનું છે.હિંચકે બેઠાં બેઠાં આ બધું જોઈ રહેલાં દાદાની આંખો માં પણ ટપ ટપ આંસુ પડવાં લાગ્યાં. જેને જન્મ આપી લાડકોડથી ભણાવ્યા ગણાવ્યા અને પગભર કર્યા એવાં પેટનાં દીકરા મા બાપ જીવે છે કે મરી ગયા એ જોવાં પણ આવતાં નથી જ્યારે આ એક બે કલાક ની ઓળખાણથી દીકરા-દીકરી કરતાં પણ વિશેષ બન્યાં. હું માનું છું કે કદાચ આ સબંધ આ જન્મનો નહીં પરંતુ ગયા જન્મના હશે. કંઈક લેણા દેવી બાકી હશે કે આ જન્મમાં પૂરી કરવા ભગવાને ભેગાં કર્યા, નહી તો આંખની ઓળખાણ પણ નહોતી એવી વ્યક્તિ ઉપર દયા આવવી અને મદદ કરવાની ભાવના થવી એ એક અલગ જ ઘટના છે બાકી દુનિયામાં ઘણા લોકો દુ:ખી છે અને મદદ માટે માંગણી પણ કરે છે પરંતુ આપણું દિલ એ વખતે તૈયાર થતું નથી. આવા લોકોને તો માંગવાની ટેવ પડી એમ બોલીને હાંકી કાઢીએ છીએ. આ કોઈ ઈશ્વરનો જ સંકેત છે કે જેણે આપણને ભેગા કર્યા છે. આ બધી વાત દાદા બા ને સમજાવે છે. આ સાંભળીને રાધા અને દિનેશ પણ ખૂબ ખુશ થાય છે કે દાદા ની વાત સાચી છે.આ ઈશ્વરીય ચમત્કાર જ છે. નહીં તો આ જમાનામાં આટલી મદદ બોલ્યા વગર કે માગ્યા વગર કોઈ ન કરે. દાદાની સમજાવટથી અને રાધા દિનેશ ની જીદ આગળ વશ થઈને દાદા અને બા તેની સાથે અમદાવાદ આવે છે. બધાને સાથે આવેલાં જોઈને રાધાનાં સાસુ-સસરા પણ ખૂબ ખુશ થાય છે. એટલાં આદર સત્કારથી તેને આવકારો અપાય છે કે બા દાદાને પણ આનંદ થાય છે. હવે આપણાં સારાં દિવસો આવ્યાં એવું તેને લાગે છે. બધાં હળી-મળીને ખુબ જ શાંતિથી સંપથી રહે છે. રાધા અને દિનેશ પણ ચારેય વડીલોની ખૂબ જ દિલથી કાળજી લે છે.

એક દિવસ બા દાદાને કહે છે કે માનીએ તો હવે દિનેશ જ આપણો દીકરો છે. જે દિલ દઈને આપણી સેવા કરે છે. આટલાં દિવસથી આપણે અહીં આવ્યાં છીએ પરંતુ ક્યારેય આપણને એકલાપણું કે અલગપણું લાગ્યું નથી. દિલથી આપણી સેવા કરે છે અને કોઈ વારો તારો પણ નથી. દાદા બોલ્યા એ વાત તો તારી સાચી છે,આ લોકોનો ઉપકાર તો જીવનભર ન ચૂકવાય તેટલો છે. આપણે ઘણીવાર પાછાં જવાની વાત કરી તો પણ એ લોકો આપણને પ્રેમથી રોકી રાખે છે અને જવા દેતાં નથી. બા બોલ્યા કે એટલે જ મને એવો વિચાર આવે છે કે આપણી મરણમૂડી જે બેંકમાં છે તે અને આપણું મકાન દિનેશનાં નામે કરી દઈએ. આપણને હવે પૂરો વિશ્વાસ છે કે આપણે જ્યાં સુધી જીવશું ત્યાં સુધી આ લોકો આપણને સાચવવાના જ છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં આપણને સારી રીતે રાખે છે તો આપણી પણ ફરજમાં આવે કે તેનાં માટે આપણે પણ કંઈક વિચારીએ. મેહુલ મોટો થતો જાય છે તેના પર ચલના અને અન્ય ખર્ચા પણ વધતાં જાય છે અને સાથે આપણાં ચારે બુઢિયાનાં દવાદારૂ ના ખર્ચા પણ વધતાં જાય છે દિનેશ અને રાધા દિવસ રાત મહેનત કરે છે છતાં બિચારા બચત કરી શકતા નથી. દાદા બોલ્યા દિનેશ અને રાધા માને તેમ નથી છતાં કોઈ બહાનું કરીને આપણે આપણો સામાન અહીં મૂકીને જ મુંબઈ જઈશું તેથી તેને કોઈ શંકા પણ ન આવે અને ત્યાં જઈને આપણે જરૂરી કાગળ બનાવી તેના નામે વસિયતનામુ લખી નાખીએ. બા બોલ્યા કે સાચી વાત છે પરંતુ આપણે આપણી મિલકત દિનેશ રાધા ને નામે નહીં પરંતુ મેહુલ નામે કરવાની છે કે જેથી ભવિષ્યમાં તેને કામ લાગે. હાલમાં તમારું અને મારું પેન્શન અને બેંકમાં મૂકેલી એફ ડી ઓ દિનેશને આપશું કે જેને લીધે વર્તમાન સમયમાં તેને પણ મદદ મળી રહે. મુંબઈનું મકાન અને ગામડે જે આપણી જમીન છે તે મેહુલ ના નામે કરીશું એવું નક્કી કરીને જેમતેમ બહાના કરીને બંને મુંબઈ પહોંચે છે અને વકીલ સાથે મુલાકાત કરે છે. વકીલ દાદા ની વાત સાંભળીને નવાઈ પામે છે કે આ જમાનામાં પણ માનવતા હજુ જીવીત છે. જરૂરી કાગળો અને દસ્તાવેજો બનાવી વકીલ બા દાદાને આપે છે અને દિલથી કહે છે કે તમારા જેવાં વિચારો આ સંસારમાં બધાં ના હોય તો આ સંસાર પણ સ્વર્ગ કરતાં સુંદર લાગે. જરૂરી સામાન, બેંક ની બધી પાસબુક, ચેકબુક અને દસ્તાવેજો લઈને બા દાદા અમદાવાદ પાછા ફરે છે.

બા દાદાને જોઈને બધાં ખૂબ ખુશ થાય છે મેહુલ દોડીને બા પાસે આવે છે અને બોલે છે કે હવે તમારે ક્યાંય જવાનું નથી. તમે અહીં નહોતાં તો મને જરા પણ ગમતું ન હતું. મમ્મી-પપ્પા પણ તમને રોજ યાદ કરતાં હતાં અને મારા બા દાદાને પણ ગમતું ન હતું. બા દાદા એકબીજાની સામે જોતાં બોલ્યા કે ફરી પાછું ન જવું પડે તે માટે જ અમે ગયાં હતાં. મેહુલ કઈ સમજ્યો નહીં તે તો મુંબઈથી લાવેલા રમકડાં અને હલવો જોઈને જ ખુશ થઈ ગયો. આખો દિવસ થાક ઉતારી રાત્રે જમ્યાં પછી બધાં જોડે બેઠાં એટલે બા અને દાદા વાત ચાલુ કરી. પહેલાં બા બોલ્યા કે દિનેશ અમે તને દીકરો જ માનીએ છીએ અને એ જ સંબંધથી આજે અમે જે કંઈ કર્યું છે તે તારે સ્વીકારી લેવું પડશે અને અમે જે કર્યું છે તેના લીધે તો એવું વિચારતો નહીં કે અમારા મનમાં અમે તારા પર ભારરુપ છીએ. અમે તને દિલથી જ અમારો દીકરો માન્યો છે અને અમે જીવતા છીએ ત્યાં જ આ વસિયતનામું કરી દઈએ તો આગળ જતાં અમારા દીકરાઓ અમારા પર હાવી ન થાય. જો આ પગલું અમે અત્યારે ન ભર્યું હોત તો વેલા મોડા અમારા દીકરાઓ અમારી પાસે ભાગ લેવા માટે અમને જ નોટીસ મોકલત. વૃદ્ધાવસ્થામાં પિક્ચર જયારે દીકરા વહુ ની જરૂર છે ત્યારે તેઓ મુ સંતાડે છે અને પછી અમારી પ્રોપર્ટીમાં ભાગ જોવે છે તો એ શક્ય નથી. અમે સમજી વિચારીને જ આ બધું પગલું ભર્યું છે અને અમારી મિલકત મેહુલ ના નામે અને બેંક બેલેન્સ બધું તારા નામે કરી દીધું છે. જીવશું ત્યાં સુધી અમે તારી સાથે રહેશું. આ બધું સાંભળતા જ દિનેશ અને રાધાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. હવે બધાને સમજાયું કે મેહુલનું એક્સિડન્ટ એકસીડન્ટ નહીં પરંતુ ઈશ્વરીય સંકેત અને ચમત્કાર જ હતો. પુનર્જન્મનાં સંબંધો એકઠાં કરવાં ભગવાને જ આ લીલા રચી હતી. પ્રેમ લાગણી અને સંપથી એકબીજાની સાથે રહેતાં અને આનંદ કિલ્લોલ કરતાં હતાં. બધા વચ્ચે સબંધ એટલો ગાઢ થઈ ગયો હતો કે પોતાના અને પારકા જેવા શબ્દો ત્યારે કોઇના મોઢે આવતા જ ન હતાં. શાંતિથી બધાનું જીવન પસાર થઈ રહ્યું હતુ પરંતુ કહેવત છે ને કે'' કુદરતી ક્યારેય કોઈને એકધારું આપતી નથી,''

વધુ અનુસંધાન આવતીકાલે....

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજે સાત પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે
વિષય : રંગ,હોળી,ધુળેટી. પ્રસિદ્ધિ. દિવસ - 5

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેક કરનાર : જયશ્રીબેન પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

NOG SS 0092
પ્રકાર:- પદ્ય
શીર્ષક:- ચાલ!જુદી હોળી મનાવીએ!

"હોળીમાં તનને બદલે મનને ભીંજાવીએ,
ચાલ! એક વાર જુદી હોળી મનાવીએ.
નિરાશ-હતાશ દિલોની ઉપર, આશાનો લાલ રંગ સોહાવીએ,
ચાલ! એકવાર જુદી હોળી મનાવીએ.
સ્વજનો જેણે ગુમાવ્યાં છે કોરોના કાળમાં,
શ્રદ્ધાનો પીળો રંગ એમને લગાવીએ,
ચાલ! એક વાર જુદી હોળી મનાવીએ.
અનાથ અને આશ્રયવિહોણા ભૂલકાંઓના જીવનમાં,
શીળી છાંયા શો લીલો રંગ લગાવીએ,
ચાલ! એક વાર જુદી હોળી મનાવીએ.
તરસતી-વલખતી વૃદ્ધ મા-બાપની આંખોને, પ્રસન્નતાનો આસમાની રંગ બતાવીએ,
ચાલ!એક વાર જુદી હોળી મનાવીએ.
રોગોથી ગ્રસ્ત-ત્રસ્ત ને સંઘર્ષમાં રહેતા મનને, ગુલાલનો ગુલાબી રંગ લગાવીએ,
ચાલ! એકવાર જુદી હોળી મનાવીએ.
જેને મા ભોમની રક્ષા વ્હાલી છે, જેને સરહદ પર જ હોળી ને દિવાળી છે,
એવા સિપાહીઓ પાસેથી
કેસરી રંગ થોડો લઈ આવીએ,
ને દેશનાં દરેક નૌજવાનને તિલક લગાવીએ, ચાલ! એકવાર જુદી હોળી મનાવીએ."

અલકા મહેતા,ગાંધીનગર

---

NOG SS No /0044
વિષય:- પ્રકાર:- પદ્ય(હાઈકુ)
શીર્ષક:- રંગ

૧. રંગાઈ ગયાં
મિત્રતા કેરાં રંગે
પામ્યાં આનંદ.

૨. મીરાં દિવાની
ભક્તિ રંગે રંગાઈ
છોડી આલય.

૩. આવ્યાં રંગવા
ગુલાલ લીધાં વિના
સ્પર્શે રંગાયાં.

૪. જીવન રંગે
દોર્યું મેઘધનુષ
ખીલી જિંદગી.

૫. રંગાઈ જાઓ
જીવન રંગ રંગે
પામો આનંદ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No :0022
વિષય : હોળી
વિભાગ : પદ્ય
પ્રકાર : ગીત
શીર્ષક : આવી ગઈ છે હોળી

કવિરાજા! કવિરાજા! હવે કાગળ કલમને છોડો,
ઉપાડી લો રંગ ભરેલી પિચકારી કે આવી ગઈ છે હોળી.
ભાતભાતનાં! જાતજાતનાં! રંગ લઈને નીકળ્યાં છે ખેલૈયા,
તમે પણ લઈ લો હાથમાં ગુલાલ કે આવી ગઈ છે હોળી.
છેલછબીલી! રંગરંગીલી! ગોરી રાહ જુએ છે તમારી,
ભરીલો રંગ હૈયા કેરી પિચકારીમાં કે આવી ગઈ છે હોળી
અલબેલી!મનચલી! રુઠેલી કિસ્મત હવે ચમકી છે તમારી,
વધાવી લો જીવનના રંગોથી તેને કે આવી ગઈ છે હોળી.
રંગબેરંગી! ફૂલગુલાબી! હોળી છે પ્રેમનો ફાગણિયો તહેવાર,
ભૂલી જાઓ મનનાં દ્વેષો, કરી લો પ્રેમ કે આવી ગઈ છે હોળી.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

સાહિત્ય સરિતા(૧)
NOG SS No-0042
વિભાગ-પદ્ય
પ્રકાર-ગીત(હોળી રસિયા)
રાગ-લીલી લીલી ઓઢણી ઓઢી રે ઓઢી
શીર્ષક-આવી હોળી

નંદજીના લાલ આવી હોળી રે હોળી..
ગોપીઓની મળી રહી ટોળી રે ટોળી..
કદમની ડાળે જમુના કિનારે,
વાંસળી વગાડે વાલો ધીરે ધીરે,
હે..લાજ શરમ મેં તો છોડી રે છોડી,
નંદજીના લાલ આવી હોળી રે હોળી,
ફાગણ ફોર્યો ને કેસુડો મ્હોર્યો
નંદજીના દ્વારે આનંદની છોળો,
હે..ગોપીઓ બની આજે ઘેલી રે ઘેલી,
નંદજીના લાલ આવી હોળી રે હોળી,
અબીલ ગુલાલ ને ભરી પિચકારી,
રંગમાં રમાડે મારો શ્યામ બનવારી,
હે..ભક્તજનો સૌ આવે દોડી રે દોડી,
નંદજી લાલ આવી હોળી રે હોળી.

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

---

NOG- સાહિત્ય સરિતા
NOG no -0050
વિષય- માનવ જીવન નો કોઈ પણ રંગ ,હોળી, ધુળેટી.
શીષેક - હોળીનાં રસિયા.

હોળીનો ઉત્સવ એટલે..!
ઉ એટલે ઉમંગ
ત્સવ એટલે ઉછાળવું
જેમાં ઉમંગો ઊછળે ને હૈયું હિલોળે ચઢે તેવો ઉત્સવ એટલે હોળી...!
હોળીનાં રસિયા.
શ્યામ રાત આયો સપને મેં..!(૨)
શ્યામ આયો ને મનકી ખીડકી ખુલ ગઈ..!
મેરી બૈયા મરોડ દી લો..!(૨)
આયો શ્યામ માખણ ખાયો..!
ઔર મટકી ફોડી કરરરરર.!
ચુનરી ઊડ ગઈ ફરરરર..!
જબ શ્યામ ને બજાઈ બંસી...!
મેરો હોશ ઉડ ગયો હરરરર..!
મેરો જન્મ સફલ હો ગયો..!
ભવસાગર તર ગઈ તરરરરર..!
આયા હોરી કા ત્યૌહાર અનોખા...!
હોરી કી દિવાની રાધા રાની દેખો...!
ગાયે મિલકર રસિયા હોરી કા..!
નંદ ગાવસે આઈ છોરી..!
બરસાને મેં ધૂમ મચાવત હૈ..!
અબીલ ,ગુલાલ ઉડાવે..!
ભરી પીચકારી જો ચલી તો ,
અંગ ભીજાવે છોરી..!
ચલો ખેલેંગે હોરી...!
શ્યામ રંગ બાગ હૈ અલબેલા..!
વહાઁ લગા કુંજો કા મેલા..!
હર કોઈ નાચે ગાયે..!
રહેના કોઈ અકેલા..!
ઝૂમ કર સબ યે બોલે..!
હર બરસ આરે હોરી..!
કભી વૃંદાવન મેં ,
કભી ગોકુલ મેં ,
રંગ ડાલી નંદગાવ કી સારી ગલિયાં..!
કૈસા મસ્ત મહિના..!
કભી રંગ જાયે બિહારી..!કહત કાના..!
કહે કૈસી મસ્ત તોરે નૈના..!
ચલ હટ , ચલ હટ કહતે..!
ખૈલ દી હમને હોરી..!
કાના તુંજ સંગ હોરી..!
અસ્તુ..!

રાગીની શુક્લ

---

NOG SS NO. 0098
प्रकार:- पद्
विषय:- होली
शीर्षक:- रसिया (फाग गीत)

होली आई उड़े रे गुलाल (२)
डालियों जी रंग केसरिया (२)
केसरिया रंग केसरिया......(२)
होली आई उड़े..............(२)
*फागुन मास सुरंगों आयो(२)
रंग में सारी खुशियाँ लायो (२)
मन में उठे हैं तरंग...डालियों जी रंग....
होली आई उड़े रे गुलाल..........(२)
* ब्रज की नवेली, बड़ी अलबेली (२)
ललिता-विशाखा, छेल छबीली (२)
नाचे दे-दे ताल.....डालियों जी रंग के..
होली आई उड़े......(२)
* नटवर नागर, कृष्ण मुरारी (२)
भर पिचकारी सखियन को डारी(२)
कर दिया हाल बेहाल....डालियों जी..
होली आई उड़े........(२)
* डफ झांझरिया, ढोल नगाड़ा (२)
फागुन को त्यौहार मनावा(२)
देखो देखो होली को कमाल...
डालियों जी रंग केसरिया (२)
होली आई उड़े रे गुलाल (२)

---

## દોસ્તો ! જરુરિયાત સંશોધનની માતા છે.

Autophagy . જાપાનના એક વૈજ્ઞાનિકે અપવાસ પર સંશોધન કર્યુ. આપણા કોષોને અઠવાડિયે એક દિવસ અપવાસ કરી આરામ આપીએ. તેથી જે Toxins કોષોમાં પેદા થયા હોય એને કોષ જાતે સાફ કરી દે છે. આ સંશોધન માટે એમને Noble Prize મળ્યું હતું.

આપણા વડવા અને વૈદ્યો કહેતા હતા કે તાવ આવે તો લાંઘણ કરો. એલોપેથિક દાક્તરો કહે છે કે બે અઢી લીટર પ્રવાહી આપો. શાસ્ત્રો તન મનના શુધ્ધિકરણ માટે અપવાસ કરવાનું કહે છે. ઉપવાસથી મનોબળ વધે.

સવે ધમેમાં ઉપવાસ કરવાના દિવસો આવે છે. હજારો વરસોનો અનુભવ ઋતુ બદલાઈ ત્યારે આહારવિહારમાં સયંમ અને ધ્યાન રાખવાનું કહે છે.

જો શક્ય હોય તો અઠવાડિયામાં એક દિવસ ચોવીસ કલાક અનાજનો ત્યાગ કરી લીંબુનું પાણી , વીટામીન સી થી ભરપૂર ફળોના રસ, દુધ , મોળી છાશ , સાદા પાણી પર રહેવું . બે થી અઢી લીટર પ્રવાહી લેવું . ચયાપચય (Digestion અને Metabolism )ની ક્રિયામાંથી કોષોને એક દિવસ આરામ આપવો.

આપના ફેમીલી દાક્તરને પૂછી ઉપવાસ કરવા .ડાયાબિટીસ હોય અને અન્ય રોગો હોય તો દવાના ડોઝ વિષે પૂછી લેવું .

વિવેક અને બુધ્ધિપૂવેક પ્રવાહી પર રહી અઠવાડિયે એક ઉપવાસ કરી જોઈએ. જો શક્ય હોય તો એ દિવસે મૌન રાખીએ અને એકાંતમાં રહીએ. રવિવાર કે રજાનો દિવસ પસંદ કરીએ તો બહાર જવાનું ટાળી શકાય .

આપોઆપ એક દિવસ તો Self Quarantine, social distancing થઈ જાય . જો કરોડો લોકો એક અપવાસ કરે તો કરોડો લોકોને એક દિવસનું અનાજ આપી શકાય . એ કરોડો પછી જો એક દિવસ ઉપવાસ કરે તો બીજાને અનાજ આપી શકીએ.

“એકાંત , અપવાસ , આત્મનિરીક્ષણ , અન્નદાન “

“ અંતર જાળવવું ,આવરણ માસ્ક વાપરવા, અંગઊપાંગ સાફ રાખવા , આજ્ઞાપાલન કરી રસી મુકાવવી . “

ડો અનિલ રાવલ

## વડોદરામાં કોરોના માટે ચાર અતિથિ ગૃહને કોવિડ કેર સેન્ટરમાં ફેરવવામાં આવશે: નીતિન પટેલ

વડોદરા,તા.૩

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે વડોદરામાં ફેલાતાં કોરોના સંક્રમણને લઈને ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. ત્યારબાદ પત્રકારોને સંબોધતા નીતિન પટેલે કહ્યું કે વડોદરામાં હવે અમદાવાદની જેમ કોરોના રેપિડ ટેસ્ટ માટેના કેમ્પ બનશે અને ચાર અતિથિ ગૃહને કોવિડ કેર સેન્ટરમાં ફેરવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે છેલ્લા દસેક દિવસથી ગુજરાતમાં અને સમગ્ર દેશમાં તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોરોના કેસ વધી રહ્યા છે. ગુજરાતમાં પણ બીજા તબક્કાનું કોરોના સંક્રમણને કારણે કેસોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં દિવાળી પછીનો એક સમય સારો આવ્યો હતો કે રાજ્ય સરકારની અને ખાનગી હોસ્પિટલની પથારી ખાલી થઈ ગઈ હતી. કોરોનાનાં લક્ષણો ધરાવતાં દર્દીઓ ઓછા આવતા હતા. પણ કમનસીબે સમગ્ર દેશમાં એકસાથે પીકની શરૂઆત થઈ તે જ રીતે ગુજરાતમાં પણ છેલ્લા દસેક દિવસથી કોરોના દર્દીઓની સંખ્યા વધતી જાય છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવી ગીચ વસ્તી ધરાવતાં શહેરોમાં કોરોનાનું સંક્રમણ વધારે થાય છે. નીતિન પટેલે જણાવ્યું કે એક સમયે ગુજરાતમાં ૭૦૦ કેસો આવતા હતા. અને અત્યારે ૨૨૦૦-૨૩૦૦ દર્દીઓ આવે છે. તેવામાં વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે. વડોદરાની મીટિંગમાં તમામ મુદ્દે ચર્ચા થઈ હતી. અમે એક-એક વોર્ડ અને એક-એક હોસ્પિટલનો રિવ્યુ કરે છે. અને શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જે સ્થિતિ છે તેને લઈને જરૂરી નિર્ણયો કર્યા છે. અને આવતીકાલથી નવા નિર્ણયોનો અમલ થઈ જશે.

પ્રથમ નિર્ણય: ધનવંતરી રથ દ્વારા સમગ્ર શહેરોમાં ૨૦૦ જેટલી ટીમો બનાવી આરોગ્યની ચકાસણી કરવાનું કામ ચાલુ છે. વડોદરા શહેરમાં દરેક વિભાનસભા દીઠ અમદાવાદ, સુરતની જેમ બે કેમ્પ યોજવામાં આવશે. અને તેમાં રેપિડ ટેસ્ટ કરવામાં આવશે. શહેરીજનો ધનવંતરી રથની સાથે કેમ્પ પર જઈને ટેસ્ટ કરાવી શકશે.

બીજો નિર્ણય: મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાર અતિથિગૃહમાં ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો પૈકીના વ્યક્તિઓને શંકાસ્પદ લક્ષણો જણાય તો તેઓને હોસ્પિટલનાં બદલે કોવિડ કેર સેન્ટર બનાવીને સારવાર તેમજ જમવા સહિતની સુવિધાઓ આપવામાં આવશે. અને ડોક્ટરી તપાસમાં જેમને વધારે લક્ષણો હશે તેમને કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. હાલમાં પ્રાથમિક લક્ષણો ધરાવતાં દર્દીઓ પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. જેને કારણે જરૂરિયાતવાળા દર્દીઓને બેડ મળતા ન હતા.

### ખેલાડી વારંવાર એમ્પાયર પર પ્રશ્ન ઉઠાવે તો સમજો તેમનો ખેલ ખત્મ

## બંગાળમાં રમેએ ડાયરેક્ટ બેનિફિટ આપનારી સરકાર બનશે: મોદી

)હુગલી,તા.૩

પશ્ચિમ બંગાળમાં બે તબક્કાની ચૂંટણી થઈ ચૂકી છે. છ એપ્રિલના રોજ ત્રીજા તબક્કામાં વોટિંગ થવાનું છે. શનિવારના રોજ હુગલીના તારકેશ્વરમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક વખત ફરીથી મુખ્યમંત્રી મમતા બેનર્જીને આડે હાથ લીધા. મતદાન દરમ્યાન સતત ચૂંટણી પંચની કાર્યશૈલી પર મમતાના પ્રશ્ન ઉઠાવા પર મોદીએ તેના પર પલટવાર કર્યો.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે રમતના સમયે જો કોઇ ખેલાડી એમ્પાયર પર વારંવાર પ્રશ્ન ઉઠાવે છે તો અમને ખબર છે કે તેમની રમતમાં કંઇક મુશ્કેલી છે. આ જ રીતે રાજનીતિમાં જો કોઇ ઈવીએમને ગાળો આપે કે ચૂંટણી પંચને વારંવાર પ્રશ્ન કરે તો આપણે સમજી જવું જોઇએ કે તેમનો ખેલ ખત્મ થઈ ચૂકયો છે.

જનસભામાં ભીડને સંબોધતા મોદી એ કહ્યું કે ૨મેના રોજ શું પરિણામ આવવાનું છે તેની ઝલક આપણે બે દિવસ પહેલાં નંદીગ્રામમાં જોઇ ચૂકયા છીએ. દરેક તબક્કાની ચૂંટણી સાથે દીદીનો ગુસ્સો વધતો જશે, મારા પર ગાળોનો વરસાદ વધી જશે. દીદીના ગુસ્સાનું સૌથી મોટું કારણ તેમનું ૧૦ વર્ષનું રિપોર્ટ કાર્ડ. દીદી તમે કામ કર્યું છે તો લોકોને બતાવો. જૂના ઉદ્યોગો બંધ અને નવા ઉદ્યોગો માટે રસ્તા બંધ. રોકાણ, વેપારની સંભાવનાઓ બંધ.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ૨ મેના રોજ અહીં માત્ર ડબલ એન્જિનની સરાકર જ બનશે નહીં પરંતુ સીધો ફાયદો આપનારી સરકાર પણ બનશે. બંગાળમાં ભાજપની સરકાર આવ્યા બાદ સૌથી પહેલાં ખેડૂતોના હિતમાં નિર્ણય લેવો પડશે. પહેલી કેબિનેટ બેઠકમાં વડાપ્રધાન કિસાન સમ્માન નિધિને લાગૂ કરવાનો નિર્ણય લેવાશે.

મમતા સરકાર પર પ્રહારો કરતાં મોદીએ કહ્યું કે તૃણમૂલ સરકાર તો પોતાનામાં જ પશ્ચિમ બંગાળ માટે આપત્તિ સિદ્ધ થયા. માનવતા કહે છે કે જ્યારે કોઇના પર પણ મુસીબત આવે તો મદદનો હાથ આગળ વધારવો જોઇએ. પરંતુ તૃણમૂલ ના લોકોએ તો મુસીબતને જ કમાણીનું સાધન બનાવી દીધું. મમતાના આરોપો પર વળતો જવાબ આપતા મોદીએ કહ્યું કે દીદીએ કહ્યું છે કે ભાજપની રેલીમાં જે ભીડ હોય છે તે પૈસા માટે ભેગી થાય છે. શું બંગાળનો નાગરિક કયારેય વેચાય શકે છે? અરે આ તો સ્વાભિમાની લોકો છે, આખી અંગ્રેજ સલ્તનત કશું કરી શકી નથી તો બંગાળના લોકોનું. દીદી, બંગાળના લોકોનું અપમાન ના કરો. આ એ જ લોકો છે જેમણે તમને ૧૦ વર્ષ પહેલાં તમને સર-આંખો પર બેસાડ્યા હતા. આજે તમે તેમનું અપમાન કરી રહ્યા છો. તૃણમૂલ કોંગ્રેસ પર પ્રહાર કરતાં પીએમ મોદીએ કહ્યું કે સિંગૂરની રાજનીતિનો ઉપયોગ કર્યા બાદ આ લોકોએ અહીંના લોકોને અદ્ધરમાં છોડી દીધા. જે સિંગૂરમાં ના ઉદ્યોગ છે, ના એટલી ચાકરી છે અને જે ખેડૂત છે તે વચેટિયાઓથી પરેશાન છે. પીએમે કહ્યું કે આખા દેશમાં આયુષ્યમાન ભારતની અંતર્ગત ગરીબોને ૫ લાખ રૂપિયાની મફત સારવાર મળી રહી છે. પરંતુ દીદીએ આયુષ્યમાન ભારતનો લાભ કોઇ ગરીબને મળવા દીધો નથી. બંગાળનું સંવેદનશીલ સમાજ, તેની કઠોરતાને, આ નિર્મમતાને જોઇ પણ રહ્યું છે, સમજી પણ રહ્યું છે.

## એક વર્ષથી બંધ ભાવનગર-પાલીતાણા લોકલ ટ્રેન ૬ એપ્રિલથી ફરી શરૂ થશે

(જી.એન.એસ.)ભાવનગર,તા.૩

સૌરાષ્ટ્રમાં ભાવનગરથી જૈન તીર્થસ્થળ પાલીતાણા વચ્ચે એક વર્ષથી બંધ લોકલ ટ્રેન ફરી ૬ એપ્રિલથી શરુ થઇ રહી છે. રેલવે ડિવિઝનના જણાવ્યા મુજબ લોકલ ટ્રેન સવારમાં ભાવનગરથી ઉપડશે અને પાલીતાણા પહોંચીને ૩૦ મિનિટમાં પરત ફરશે. એક વર્ષ બાદ ભાવનગર-પાલીતાણા લોકલ ટ્રેન ફરી થશે શરૂ ભાવનગરથી પાલીતાણા પહોંચીને ૩૦ મિનિટમાં પરત ફરશેટ્રેન શરૂ થવાથી અપડાઉન કરતા લોકોની હાલાકી દૂર થશે. રેલવે ડિવિઝનના જણાવ્યા પ્રમાણે ટ્રેન ભાવનગરથી સવારમાં ૬.૩૦ કલાકે ઉપડશે અને ૭.૪૫ કલાકે પાલીતાણા ખાતે પહોંચશે. ત્યારબાદ તુરંત ૩૦ મિનિટ બાદ પુનઃ સવારમાં પાલીતાણાથી ૮.૨૦ કલાકે ઉપડશે અને ભાવનગર ૯.૫૫ કલાકે પહોંચશે.

## ત્રણ માસ પહેલા ચિકાલી ફાટક પાસે હાઈવે રોડ ઉપર રહાદારીનું અકસ્માત કરી મોત નિપજાવી નાશી જનાર વાહન ચાલક ઝડપાયો

રાજપીપળા,તા.૩

ત્રણ માસ પહેલા ચિકાલી ફાટક પાસે હાઈવે રોડ ઉપર રહાદારીનું અકસ્માત કરી મોત નિપજાવી નાશી જનાર વાહન ચાલક ને સાગબારા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .

પ્રાપ્ત માહિતી અનુસાર રાજેશ પરમાર ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક નર્મદા અનડિટેક્ટ હેલફેટર અકસ્માતના ગુનાઓની ઝીણવટભરી રીતે તપાસ કરી પરિણામ લક્ષી કામગીરી કરવા સૂચના આપતા સીપીઆઇ દેડીયાપાડાના માર્ગદર્શન મુજબ સાગબારા પોલીસ સ્ટેશનના પો.સ.ઈ કે.એલ. ગળચર તથા અહેકો લાલસીંગભાઈ રહિયાભાઈ, પોકો પરિમલભાઈ રેવદાસભાઈ તથા પોકો જીતેન્દ્રભાઈ વરસીંગભાઇ તથા પોકો આશિષભાઈ રમણભાઈને સાથે પોલીસ સ્ટેશન ના નમુના મુજબ તા.૫/૧/૨૧ના રોજ ચીકાલી ફાટક પાસે બનેલ જે અનડિટેક્ટ ગુનાના કામે સીસીટીવી કેમેરાની ફૂટેજ મેળવી તપાસ કરતાં જેમાં ટાટા એસીઈ કંપનીની ગાડી દ્વારા અકસ્માત થયેલું જણાઇ આવેલ. એઆરટીઓ નર્મદા પાસે જિલ્લામાં રજિસ્ટર થયેલા ટાટા એસીઈ કંપનીના વાહનોની યાદી મંગાવી દ્વારા વાહન માલિકો ના ઘરે જ તપાસ કરતા અકસ્માત ટાટા સુપર એસીઈ ગાડી નંબર જીજે ૨૨ યુ ૧૮૨૪ એ કરેલ હોવાનું તપાસ દરમિયાન જણાઇ આવતા આરોપી સિકંદર અબ્દુલ કરીમ મેમણ (રહે,લાલટાવર સીંધીવાડા આરઝૂ સોસાયટી મકાન નંબર. ૪૯ રાજપીપળા) ને તા.૨/૪/ ૨૧ના રોજ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

## ભાજપ સાંસદ પુરુષોત્તમ રુપાલાએ ગાંધીનગર સિવિલ ખાતે કોરોના વેક્સિન લીધી

ગાંધીનગર,તા.૩

આગામી ૧૭મી એપ્રિલે ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણી યોજાવાની છે. આ માટે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાના ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે. તેમજ ચૂંટણી જીતવા માટે કવાયત પણ તેજ કરી દેવામાં આવ્યા છે. થોડા સમય પહેલા ગાંધીનગરના રાયસણમાં આવેલા પાર્ટી પ્લોટમાં ભાજપનો ચૂંટણીલક્ષી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો ખભ્ભે ખેસ પહેરવાનું તો સમજ્યા પરંતુ મોઢા પર માસ્ક પહેરવાનું ન સમજ્યા. સોશિયલ ડિસ્ટન્સનું પાલન પણ કરવાનું સમજ્યા ન હતા.

રૂપાલાએ ફરી આવી ભૂલ ન થાય તે માટે કાર્યકર્તાઓને સલાહ આપી છે. તેમણે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રચાર સમયે સતર્ક રહેવા, ચૂંટણી જીતવા મોટા મોટા કાર્યક્રમો ન કરવા અને સોશિયલ ડિસ્ટેંસિંગના નિયમો ન તોડવાની સલાહ આપી છે. મોટી સભાઓથી બચવા ડોર ટુ ડોર પ્રચાર પર ભાર મૂકવા પુરુષોત્તમ રૂપાલાએ સૂચન કર્યું હતું. રૂપાલાએ આજે કોરોના વેક્સિન લીધા બાદ આ વાત કહી હતી.

## અરવલ્લી જિલ્લાના ભિલોડાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તાારમાં ૨૫ એપ્રિલ સુધી પ્રતિબંધ

મોડાસા,શનિવાર-

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામમાં ફાયરીંગ બટ આવેલો છે આ બટમાં પોલીસ જૂથના અધિકારી/જવાનોના અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા હિમંતનગર દ્વારા તા.૨૪ માર્ચ ૨૦૨૧ના મંજુરી પત્ર અનવ્યે આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા. ૧૧ એપ્રિલ થી તા. ૨૫ એપ્રિલ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

શ્રી અમૃતેશ ઔરંગાબાદકર,જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટમાં સાબરકાંઠા જિલ્લા ખાતે તાલીમ લઈ રહેલ લોકરક્ષાક તાલીમાર્થીઓનુ ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી. ની ત્રિજયાના વિસ્તારમાં તા.૧૧ એપ્રિલ થી તા.૨૫ એપ્રિલ ૨૦૨૧ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# ૪ લાખની કિંમતના હિરોઇન સાથે ૧ મહિલા સહિત 3 આરોપીને બનાસકાંઠા SOG ટીમે ઝડપ્યા



બનાસકાંઠા થરાદ પોલીસ વિસ્તારમાં થી ૪ લાખની કીમતનું સ્મક (હિરોઇન) જિલ્લાની SOG ટીમે ઝડપી પાડતા પંથકમાં હડકંપ મચી જવા પામ્યો છે.. ત્યારે ભુજ રેંજ આઇજી જેઆર મોરથલિયા અને બનાસકાંઠા એસપી ની સૂચનાઓ આધારે NDPS એકટ હેઠળ ગેરકાયદે માદક પદાર્થો ની હેરાન ફેરી થતી હોવાની સૂચનાઓ મળતા SOG બનાસકાંઠા પીએસઆઇ ડીઆર ગઢવી સાથે SOG ટીમ દ્વારા એક મહિલા સહિત ત્રણ શખ્સો સાથે ૪ લાખની કીમતનું સ્મક (હિરોઇન) સાથે એક ગાડી ઝડપી થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે..

બનાસકાંઠા જિલ્લામાં આઇજી મોરથલિયા અને બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડા દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર કેફી ઔષધ સાથે મન પ્રભાવી દ્રવ્યો વેચાણ અટકાવવા અને વેચાણ કરતા ઈસમો વિરુદ્ધ NDPS એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા સૂચન કરાતા થરાદ પોલીસ વિસ્તારમાં બનાસકાંઠા જીંપ ટીમ પેટ્રોલીંગ મા હતી ત્યારે બાદમી મળતા થરાદ થી ભાભર મીઠા હાઈવે ઉપર એક સફેદ કલરની પ્ત-૧૮ બબ-૭૮૭૧નંબર ડસ્ટર ગાડી ની તલાસી લેતા બિન અધિકૃત રીતે રાખેલ ૪૦. ૮૭ ગ્રામ સ્મક હિરોઇન જેની કિમત ૪ લાખ રૂપિયા થી વધુ ની કિમતનો મુદામાલ સાથે સફેદ કલરની ડસ્ટર ગાડી કીમત ૫૦૦૦૦૦/-રૂપિયા સાથે ગાડીમાં બેઠેલ એક મહિલા (૧) પિનાબેન વાઈફ ચીનું ભાઈ ઉર્ફે ઈનાભાઈ રૂપાજી ભાટી, (૨)અશ્વિન કુમાર ચીનું ભાઈ ભાટી બંને રહે નંદનનગર સોસાયટી દિયોદર વાળા (૩)નિકુલ ભાઈ રઘુભાઈ મકવાણા રહે મીઠા ભાભર વાળા ગાડીમાં બેઠેલા હતા ત્યારે ગાડીના ચાલક અશ્વિન કુમાર ચીનુંભાઈ ભાટી પાસે બિન અધિકૃત રીતે રાખેલ ૪૦.૮૭ ગ્રામ સ્મકે (હિરોઇન) કીમત ૪,૦૮,૭૦૦ /-નું મળી આવ્યું હતું આ સ્મકે હિરોઇન સાંચોર રાજસ્થાન ખાતેથી (૩)રાકેશ બિશનોઈ પાસેથી લાવેલ હોવાનું જાણવા મળ્યું છે. સાથે SOG ટીમે ડસ્ટર ગાડી કીમત ૫૦૦૦૦૦ /-તથા મુદામાલ કીમત રૂ /-૯, ૧૩, ૩૦૦ /-નો કબજો લઈ થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી એક મહિલા સહિત ત્રણ ઈસમો સામે દ્રહૅજી એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે..

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)



મારા પરમ મિત્ર અને ગુજરાત સમાચાર ના જુના વિતરક એવા દિપકભાઈ શાહ નાગરિક સહકારી બેંક માં ચેરમેન તરીકે વરણી થતાં અભિનંદન



ઉનાળો આકરો બનતો જાય છે ત્યારે દર વર્ષની જેમ નટુભાઇ ચૌધરી ટ્રસ્ટ પુંસરી તરફથી અંતરિયાળ વિસ્તાર અને રાજસ્થાન સરહદે આવેલા ચારેકોર ડુંગર ની વચ્ચે ઘેરાયેલા મેઘરજ તાલુકાના નાની પંડોલી પ્રાથમિક શાળા કે હાલ દેશી નળીયા વાળા ઘર પાસે ઝાડ નીચે ચાલતી શેરી શાળા બહાર પડેલા ચપ્પલ કરતા બાળકો વધુ હતા .ત્યારે નટુભાઇ ચૌધરી પરિવાર ટ્રસ્ટ પુંસરી તરફથી સાઈઠ ઉપરાંત બાળકોને ચપ્પલ બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું .આ પ્રસંગે નટુભાઇ ચૌધરી પરિવાર વતી નરેન્દ્રભાઈ પટેલ ,સમગ્ર શિક્ષા અભિયાનના અમિત કવિ બીઆરસી દિલીપ પટેલ શાળાના આચાર્ય ભરત પટેલ અને સ્પેશિયલ એજ્યુકેટર ખરાડી મહેશ ઉપસ્થિત રહ્યા હતા.

# પુણેમાં સાત દિવસ માટે આંશિક લોકડાઉન,સાત દિવસ કડક નિર્બંધ



મહારાષ્ટ્ર : દેશમાં કોરોના વાયરસ નું સંક્રમણ ખુબજ તેજ ગતિએ વધી રહ્યું છે. ત્યારે મહારાષ્ટ્ર રાજ્ય માં રોજ હજારો ની સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. મહારાષ્ટ્ર ની સાંસ્કૃતિક નગરી મેટ્રો સીટી પુણે શહેરમાં પણ કોરોના બેકાબુ બન્યો છે. ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા પુણે માં સાત દિવસ નું કડક નિયમોનું આંશિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. નવું સંક્રમણ વધારે ઝડપથી ફેલાઈ રહ્યું છે. દરમિયાન પુણે માં તા.૩ એપ્રિલ થી સાંજે ૬ થી લઈ બીજા દિવસે સવારે ૬ વાગ્યા સુધી નાઈટ કરફ્યુ જાહેર કરવામાં આવ્યું છે. સાથે જ પુણે માં સાર્વજનિક પ્રવાસી સેવા આપતી સિટીબસ પણ બંધ રહેશે. તેમજ રેસ્ટોરન્ટ, બાર ,હોટલ,બગીચા, જીમ, સ્વિમિંગપુલ,ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. જ્યારે હોટલની પાર્સલ સેવા માં છુટ અપાઈ છે.આ પ્રતિબંધ સાથે સામાજિક અને રાજકીય મેળાવડા અને સાર્વજનીક કાર્યક્રમો પણ નહી યોજાય. આ સાથે જીવનજરૂરી સેવાઓ માટે છૂટ આપવામાં આવી છે. નિયમોનું ચુસ્ત પાલન કરવા માટે સ્થાનિક તંત્ર પણ સતર્ક બન્યું છે.(પત્રકારઃ ભરત જોશી.પુના(ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક)

# તેડીયા સાહેબપુરા ગામના બસ સ્ટેન્ડ પાસેથી મોટરસાયકલ પર અજાણ્યા ઈસમો દારૂની હેરાફેરી કરતો ઈસમ ઝડપાયો.



રાજપીપલા,તા. ૩

તિલકવાડા તાલુકાના વનમાલા બસ સ્ટેન્ડ અને તેડીયા સાહેબપુરા ગામના બસ સ્ટેન્ડ પાસેથી મોટરસાયકલ પર અજાણ્યા ઈસમો દારૂની હેરાફેરી કરતો ઈસમ ઝડપાયો છે. જેમાં ફરિયાદી અહે જીતેન્દ્રભાઈ જવાહરભાઈ તિલકવાડા પોલીસે આરોપી મોટરસાયકલ નંબર જીજે ૦૬ જેએ ૪૨૦૮ ના ચાલક સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ ડ્રીમ યુગા ૧૧૦ ન. જીજે ૦૬ જેએ ૪૨૦૬ ના ચાલકે પોતાની મોટરસાયકલ ઉપર બે મીણીયાના થેલામાં લન્ડન પ્રાઈઝ ૭૫૦ મિલી નંગ ૨૩ કિં. રૂ.૫૯૦૦/- તથા મેકડોલ નંગ ૧ વ્હિસ્કી કાચના કવાંટરીયા નંગ. ૧૩૨ કિં. રૂ.૧૩૨૦૦/- તથા માઉન્ટેન સુપર બીયર નં.૭૨ કિં.રૂ. ૭૨૦૦ નો મુદ્દામાલ લઈ જતા હતા. તે ઝડપી પાડેલ અને મોટરસાયકલ નં.૧ કિ.રૂ.૨૦૦૦૦/- મળી કુલ કિં. રૂ. ૪૭૩૦૦/-નો મુદ્દામાલ સાથે પોલીસ વોચ ને જોઈ જતા મોટરસાયકલ ફેંકીને નાસી જતા પોલીસે મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

# નાંદોદ તાલુકાના જુનવદ પાસે ટ્રેક્ટર પલટી ખાઇ જતા અકસ્માત.

રાજપીપળા, તા. ૩

નાંદોદ તાલુકાના જુનવદ પાસે ટ્રેકટર પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ અંગે રાજપીપલા પોલીસ મથકે ફરિયાદ લીલાબેન અરવિંદભાઈ શેખજીભાઈ વસાવા(રહે, બારખડી,મોટું ફળિયું) એ આરોપી ટ્રેક્ટર નંબર જીજે ૨૨ એચ ૨૧૪૮ નાં ચાલક સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ ફરિયાદી લીલાબેન તથા સાહેદો મજૂરી અર્થે બહાર કાઢી ગામથી કરાઠા ગામે ટ્રેક્ટર નંબર જીજે ૨૨ એચ ૨૧૪૮ થી ટ્રોલીમાં બેસી કરાઠા ગામે મજૂરીકામ અર્થે આવતા હતા. તેદરમિયાન જુનવદ અને જીતપુર ચોકડી વચ્ચે વળાંકમાં આવતા ટ્રેક્ટર ચાલકે પોતાના કબજાની ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા અચાનક વળાંક પાછળની ટ્રોલી પલટી મારતા લીલાબેન અને ડાબા પગે ફ્રેક્ચર કરી તથા સાહિત્ય પૂજા કરી ટ્રેક્ટર ચાલક પોતાનું ટ્રેક્ટર મૂકી નાસી જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## નર્મદા જિલ્લામા પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૨૩૦૦ને પાર

# નર્મદા જિલ્લામાં આજે આજે એક દિવસ માં ૧૬ કેસો નોંધાતા ફફડાટ




રાજપીપલા,તા૩

નર્મદા જિલ્લામા કોરોના ના કેસો ઘટવાનું નામ નથી લેતા. રોકેટ ગતિએ સતત વધતા કેસો ને કારણે આજે નર્મદામા પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૨૩૦૦ને પાર કરી ગઈ છે. આજે એકજ દિવસ માં ૧૬ કેસો નોંધાતા ફફડાટફેલાયો છે.

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે વધુ ૧૬કેસ નોંધાયા છે. જેમા ગરુડેશ્વર તાલુકામા ૦૪કેસનોંધાયો છે. અને તિલકવાડામાં ૦૧એક કેસ અને ડેડીયાપાડા મા ૦૧કેસ તથા નોંધાયો હતો.જયારેરાજપીપળામા એકી સાથે ૦૯ કેસ નોંધાતા રાજપીપળા પંથક માં ફફડાટ ફેલાયો છે. જ્યારે કોવિડ હોસ્પિટલમાંથી૧૭દર્દી સાજા થતા રજા આપાઈ છે જયારે સાજા થયેલા જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૨૪૫ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૨૧૬૧ દરદીઓને રજા આપવામાં આવી છે. આજે RTPCR ટેસ્ટમાં ૧૮૮અને (રેપિડ) ટેસ્ટમાં ૬૬૪સહિત કુલ ૮૫૨ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે. પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લા આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૩૨૧૭ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૨૩દરદીઓ, તાવના ૨૮ દરદીઓ, ઝાડાના ૨૫ દરદીઓ સહિત કુલ-૭૬જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૧૨૮૩ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૨૯૮ લોકોને વિતરણ કરાઇ છે. તસવીરઃજ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગાંધીનગર જિલ્લાના ૪૫ વર્ષથી વધુ વયના ૧ લાખ ૨૫ હજારથી વધુ લોકોને કોરોનાની રસી અપાઇ

ગાંધીનગરઃ શનિવારઃ

ગાંધીનગર જિલ્લામાં આજદિન સુધીમાં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો, હેલ્થ સ્ટાફ અને પ્રથમ હરોળના કોરોના વોરિયર્સ એવા ૧, ૨૫,૪૪૪ લોકોને કોરોના રસી આપવામાં આવી છે. તેમજ ગાંધીનગર જિલ્લામાં ૪૫ જેટલા કોરોના રસીકરણ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આજરોજ કુલ ૨૨૭૯ નાગરિકોને કોરોના સામે રક્ષણ આપતી રસી આપવામાં આવી છે,તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ર્ડા. મનુભાઇ સોલંકીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના વેકસીન આપવાનું નક્કી થયું હતું. ત્યારથી આજદિન સુધી ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો સહિત હેલ્થ સ્ટાફ અને પ્રથમ હરોળના કોરોના વોરિયર્સને કોરોનાનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ રસીકરણ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા અને નજીકના સ્થળે લોકોને ઘર આંગણે જ રસીનો લાભ મળી રહે તેમજ ટૂંક સમયમાં લોકોને કોરોના સામે રક્ષણ મળે એ હેતુથી જિલ્લામાં સરકારી આરોગ્ય કેન્દ્ર સિવાયના વિવિધ જગ્યાએ વધારાના કોરોના રસીકરણ કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે તે વિસ્તારના સોસાયટી એરિયા જિલ્લા બોર્ડ નિગમની કચેરી, એસ.ટી.ડેપો, જી.આઇ.ડી.સી ઔધોગિક વિસ્તાર વસાહત વિસ્તારોમાં જઇ કોરોનાની રસી આપવામાં આવે છે. આજદિન સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૧, ૨૫, ૪૪૪ જેટલા લોકોને કોરોના રસી આપવામાં આવી છે.

## ગાંધીનગર મનપા વોર્ડ -૯ ઉમેદવારો.....

**ગાંધીનગર મનપા ના ૧૮ એપ્રિલ ચૂંટણી માં વોર્ડ ૯ એટલે કે સેકટર -૨,૩ સેકટર - ૩ ન્યુ.. ઈન્ફોસીટી.ભાઇજીપુરા,કુડાસણ વિસ્તાર ના મતદારો ભાજપ ની વોર્ડ -૯ ની પેનલ ના ચાર મતદારો ભાજપ પક્ષના ઉમેદવારો અલ્પાબેન કૌશિકભાઈ પટેલ,શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી,રાજુભાઈ શંકરભાઈ પટેલ તેમજ સંકેતભાઈ રમેશભાઈ પંચાસરા ને પોતાનો કિંમતી મત આપી સત્તાપક્ષ ભાજપ ને મતદાન કરે તે માટે સમગ્ર ભાજપ ની ટીમ ઘેર ઘેર ફરીને મતદાન કરવા સૌ ઉમેદવારો નો સંપર્ક કરી રહ્યા છે.**

**મનપા માં ભાજપ ની નો રીપિટ પ્રણાલિકા માં ગાંધીનગર મનપા ચૂંટણી માં ૧૧ વોર્ડ ના કુલ ૪૪ નવા યુવા કહી શકાય તેવા ચહેરાઓ ને પરિવર્તન ની લહેર માં પ્રદેશ ભાજપ ની ટીમ દ્વારા સિલેકશન કરીને પ્રભારી પૂર્વ ગૃહ મંત્રી રજની ભાઈ પટેલ,પૂર્વ રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ અને પ્રદેશ મંત્રી અમિત ઠાકર પ્રભારી ઓ દ્વારા સુંદર ચૂંટણી કેમ્પિયન ગોઠવવામાં આવ્યું છે .કોંગ્રેસ ના ૪૩ અને આપ પાર્ટી ના ૪૩ ઉમેદવારો સામે ભાજપ ના ૪૪ ઉમેદવારો ૧૧ વોર્ડ માથી ચૂંટણી લડી રહ્યા છે.**




## સાંસદ મનસુખ ભાઈ વસાવાને પ્રદેશ કારોબારીના વિશેષ આમંત્રિત સભ્ય તરીકે નિયુક્ત કરાયા

# ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનના વિવિધ મોરચાના અધ્યક્ષ તથા પ્રદેશ કારોબારી તથા આદિજાતિ મોરચા રાષ્ટ્રીય કાર્યકારીણીમા નર્મદા જિલ્લાને મળ્યું પ્રતિનિધિત્વ

રાજપીપળાઃ તા ૩

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે સ્થાનિક સ્વરાજ ચૂંટણી બાદ આવનારી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ પણ અત્યારથી જ શરૂ કરી દીધી છે. સીઆર પાટીલે એના જ ભાગરૂપે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનના વિવિધ મોરચાના અધ્યક્ષોની નિમણૂક કરી છે સાથે સાથે પ્રદેશ મહામંત્રીઓને અલગ અલગ ઝોન પ્રભારી બનાવ્યા છે. જેમાં નર્મદા જિલ્લામા નગરપાલિકા સહીત તમામ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત ભાજપે જીતી બતાવતાં તમામ આ ચૂંટણી જીતાડવામાં સહયોગ



આપનાર નર્મદાના સિનિયર ભાજપી આગેવાનોને આગેવાનોને મહત્વ ની જવબદારીઓ સોંપાઈ છે

જેમાં ભાજપા પ્રદેશ પ્રમુખસી. આર. પાટીલ દ્વારા આજ રોજ પ્રદેશ મહામંત્રીઓને ઝોનની ફાળવણી તેમજ મોરચાઓના પ્રદેશ પ્રમુખના નામોની જાહેરાત કરવામાં

## ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચા પ્રમુખપદે પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ વસાવાની આ બીજી વખત વરણી કરાઈ

આવી છે, એ ઉપરાન્તપ્રદેશ કારોબારી, પ્રદેશ આમંત્રિત અને પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યોના નામોની જાહેરાત પણ કરવામાં આવી છે.જેમાં નર્મદા જિલ્લામાથી ગુજરાતના લોકપ્રિય આદિવાસી નેતા અને ભરૂચ લોકસભાના લોકપ્રિય સાંસદ મનસુખ ભાઈ વસાવાને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કારોબારીના વિશેષ આમંત્રિત સભ્ય તરીકે નિયુક્ત કરાયા છે

જયારે ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચા પ્રમુખપદે પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ વસાવાની આ બીજી વખત વરણી કરાઈ છે.

એ ઉપરાન્ત ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જન જાતિ મોરચાના પ્રદેશના પૂર્વ પ્રમુખ અને ડેડીયાપાડા પૂર્વ ધારાસભ્ય મોતીભાઈ ને ભારતીય જનતા પાર્ટી આદિજાતિ મોરચા રાષ્ટ્રીય કાર્યકારીણીમા નિમણૂક કરાઈ છે

ભાજપ પ્રદેશ કારોબારીમાં જેમનો સમાવેશ કરાયો છે તેવા, મનસુખભાઈ ધનજીભાઈ વસાવા,મોતીલાલ પુનિયાભાઈ વસાવા,ઘનશ્યામભાઈ બાબુભાઇ દેસાઈ,શબ્દશરણ ભાઈલાલભાઈ તડવી,ડૉ. દર્શનાબેન ચંદુભાઈ દેશમુખ,કરણભાઈ ભોગીલાલ વસાવાની નિમણૂંક કરાઈ છે. નર્મદા ભાજપી આગેવાનો તમામને અભિનંદન પાઠવ્યા હતા.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.